


* ૧૦૯મો ગુરુ–જન્મજયંતી વિશેષાંક *

# 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલા રત્નો 卐

* જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતાં દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી, ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત ક્લેશ પામે છે, તેમ આ પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતાં દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતાં હોવાથી, વિષયોને ઇચ્છતા અને તેને જ ભોગવતા થકા વિનાશપર્યંત (મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે. આથી પુણ્યો સુખાભાસ એવા દુઃખના જ સાધન છે. ૫૦૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૭૫)

* જ્ઞાન આવરણથી ન્યારું છે, તે (જ્ઞાન) પોતાનો સ્વભાવ છે, જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો; તે આત્મા છે. અહીં એટલું વિશેષ કે આવરણ જવા છતાં પરમાં જ્ઞાન જાય તેટલું અશુદ્ધ, જેટલો અંશ નિજમાં રહે તે શુદ્ધ. તેથી કેવળ (જ્ઞાન) ગુપ્ત છે, પણ પરોક્ષજ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારે છે, જ્ઞાની શુદ્ધ-ભાવનાથી શુદ્ધ થાય એ નિશ્ચય છે. ૫૦૨.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૧૬)

* જો કે કાળલબ્ધિના વશે જીવ અનંતસુખનું ભાજન થાય છે, તોપણ વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજપરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ તથા સમસ્ત બહિર્દ્રવ્યની ઇચ્છાની નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા તપશ્ચરણરૂપ જે નિશ્ચય ચતુર્વિધ આરાધના છે તે જ તેમાં ઉપાદાનકારણ જાણવું, કાળ નહિ, તેથી તે (કાળ) હેય છે. ૫૦૩.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૧ ની ટીકામાંથી)

કહાન
સંવત-૧૮
વર્ષ-૫૪
અંક-૧૦
[ ૬૫૪ ]

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
APR.
A. D. 1998




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીનાં હૃદય-સાગરમાંથી ઉછળેલાં
ગુરુ–ઉપકાર–મહિમા–પ્રકાશતાં

# અણમૂલાં રત્નો

### 卐 જેટલું કરીએ તેટલું ઓછું 卐

ગુરુદેવનું જેટલું કરીએ તેટલું ઓછું છે. ગમે તેટલું કરીએ પણ ઓછું છે. જે કરીએ તે ભાવથી કરવાનું છે, સૌ ભાવથી કરે છે.

"શું પ્રભુ ચરણ કને ધરું. આત્માથી સૌ હીન" પ્રભુના ચરણ-કમલને શું ધરું! આત્માથી બધું ઓછું છે. તેમનાં ચરણોને આધીન વર્તું છું. મન–વચન–કાયાથી તેમના ચરણની અર્પણતા કરીએ. તન–મન–ધનથી જે કરીએ તે ઓછું છે.

### 卐 આ કાળે ગુરુદેવ મળવા દુર્લભ છે 卐

આ પંચમકાળે પૂજ્ય ગુરુદેવ મળવા મુશ્કેલ છે. ગુરુદેવ મળ્યા તે જ બેડો પાર છે. તેમના જેટલા ગુણગ્રામ કરીએ એટલા ઓછા છે. તેમની નિરંતર વાણી ને નિરંતર સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. તેમનો એક એક શબ્દ આત્માને બતાવનારો, આત્માને જગાડનારો ને જે પુરુષાર્થ કરે તેને અનુભૂતિ થઈ જાય તેવી વાણી હતી. ગુરુદેવે તો

સ્વયં ચૈતન્યને પ્રગટ કર્યો. 'તરણ-તારણ'—પોતે તરીને બીજાને તારનાર હતા.

### 卐 માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીનો જ પ્રતાપ છે 卐

ગમે તેવા આકરા પુણ્ય–પાપના ઉદયરૂપ સંયોગોમાં કે શુભાશુભ પરિણામ વખતે સમતા–શાંતિ કેમ રાખવી તે બધું ગુરુદેવશ્રીએ જ બતાવ્યું છે ગુરુદેવશ્રી જ આપણું સર્વસ્વ છે. અત્યારે કોઈ કહે કે આપણે આમ કર્યું આપણે આવું કર્યું ત્યારે મને તો એમ જ થાય છે કે કોઈએ કાંઈ કર્યું જ નથી. આ બધું ચારે તરફ જે કાંઈ થયેલું કે થતું દેખાય છે તે બધો માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીનો જ પ્રતાપ છે, પ્રભાવ છે.

### 卐 બધા સાથે રહેવાના છે 卐

પૂજ્ય ગુરુદેવ બધાને તેડવા આવ્યા છે, તેમના સમવસરણમાં લઈ જવા તેડવા આવ્યા છે. જવા માટે બધાને તૈયાર કરી દીધા. જે તીર્થંકર થઈને મોક્ષ જાય તે બધાને સમવસરણમાં તેમની સાથે લઈ જાય. પૂજ્ય ગુરુદેવ કહે છે કે હું આ માર્ગે જાવ છું, તમે બધા આ માર્ગે હાલો. તેઓ પૂર્ણ માર્ગને પ્રગટ કરશે ત્યારે જે હશે તે બધા ખેંચાઈને આવશે. આ પંચકાળમાં જે તૈયારીવાળા જીવો હશે તે પૂજ્ય ગુરુદેવના સમવસરણમાં જવા માટે તૈયાર થઈ જશે. પૂજ્ય ગુરુદેવના સમવસરણમાં જે આવ્યા છે તે હવે છૂટા થોડા પડવાના છે? બધા સાથે રહેવાના છે. આ બધું તેમની સાથે જ ઉપડવાનું છે. પૂજ્ય ગુરુદેવ તીર્થંકર ભગવાન તરીકે છે, ઠેઠ સુધી સમવસરણમાં તેમની હારે જવાનું છે.

### 卐 આખું હિન્દુસ્તાન જાગૃત થયું 卐

આવો ધોધમાર ઉપદેશ મળવો તે જીવનનું મહાભાગ્ય છે. હવે વારંવાર લઢન કરીને પ્રાપ્તિ થાય એવું ધ્યેય હોવું જોઈએ. ઉપદેશમાં બધું આવી જતું હતું. ગુરુદેવમાં બધું સમાઈ જતું હતું. સૌરાષ્ટ્રમાં સીમંધર ભગવાન પધાર્યા ત્યારે સાક્ષાત્ પધાર્યા હોય એવું લાગતું હતું. ગુરુદેવના યુગમાં પૂર્વે જાણવામાં ન આવ્યા હોય એવા નવીન નવીન પ્રસંગ બની ગયા. ગુરુદેવ પ્રધાન પુરુષ જાગ્યા તેની સાથે બધા હોય.

ચક્રવર્તીની સાથે બધું હોય. બધાં રત્નો હોય, સેનાપતિ વગેરે હોય, તેમ ગુરુદેવ મહાપુરુષ જાગ્યા તેની સાથે બધું હોય, રામજીભાઈ વગેરે હતા. ગુરુદેવનો પ્રતાપ છે. આખું હિન્દુસ્તાન જાગૃત થયું. આત્મા શબ્દ કોણ જાણતુ હતું, એ ભાષા પણ ક્યાં હતી તો ભાવની ક્યાંથી ખબર હોય. બધાને અંતરદષ્ટિ આપી, હૃદયપલટો થયો.

### 卐 યોગ્યતાવાળા જીવો 卐

પૂજ્ય ગુરુદેવનો પંચમકાળે તીર્થંકરવત્ ઉપદેશ છે. તેમના નજીકના અંતેવાસીનું દુઃખ ઊભું રહેતું નથી. જેની યોગ્યતા નથી તે દૂર વસે છે. ગુરુદેવને ખરા અંતઃકરણથી સ્વીકારે છે તે ભલે ક્ષેત્રથી દૂર વસે પણ ભાવથી નજીક છે. ભવ્ય જીવો જ અહીં અંદર પ્રવેશે છે. યોગ્યતાવાળા જીવો અહીં આવે છે.

### 卐 કલ્યાણકારી વાણી ટેપમાં 卐

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા! જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

### 卐 પુણ્યના થોક ઊછળ્યા વિના... 卐

આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ દુર્લભ છે. એમનાં દર્શન અને વાણી કેટલા દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા

મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતના મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાંને અપૂર્વ લાભ મળ્યો.

卐 બીજા જગતચક્ષુ 卐

સમયસાર તે સમયસાર, તેના જેવું સર્વોત્કૃષ્ટ બીજું કોઈ નથી. ગુરુદેવ તે ગુરુદેવ જ હતા. તેમના જેવું કોણ થાય? સમયસાર તે તો સમયસાર જ છે. ગુરુદેવની જેમ આહાહા કરનાર પણ બીજું કોઈ નથી. એક જગતચક્ષુ સમયસાર, તેમ બીજા જગતચક્ષુ ગુરુદેવ. સમયસારને બતાવનારા તે એક, તેમના જેવું બીજું કોઈ નહીં.

卐 શ્રુતની શૈલી ગજબ 卐

ગુરુદેવની શ્રુતની શૈલી ગજબ છે. તેમાં નિશ્ચય-વ્યવહાર, અસ્તિ-નાસ્તિ, ઉપાદાન-નિમિત્ત બધું જ તેઓએ સમજાવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ. દિગંબર ધર્મથી જ મોક્ષ છે. બધો ખુલાસો કર્યો. મુક્તિનો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કર્યો, શ્રીમદ્ રાજચંદ્રજીના કેટલાક અર્થો પૂજ્ય ગુરુદેવે ખુલ્લા કરી સમજાવ્યા. તીર્થંકર ભગવાનની જેમ માર્ગ પ્રકાશ્યો...શ્રુતની ધારા જુદી જ...

મને (પૂજ્ય બેનશ્રી) તત્ત્વની ઝંખના ઘણી, અંદરથી પોકાર આવતો પણ માર્ગની સ્પષ્ટતા તો ગુરુદેવે જ કરી. જેનાથી ઉપકાર થયો હોય તેનું નામ કેમ ભુલાય!

卐 જગતમાં સર્વોત્કૃષ્ટ ગુરુદેવ 卐

ગુરુદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ હતા, ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આવી ગઈ. જગતમાં સૌથી સર્વોત્કૃષ્ટ જિનેંદ્ર ભગવાન છે. તેમની વાત ઇન્દ્રો-ગણધરો, દેવેન્દ્રો, રાજેન્દ્રો કોઈ કરી શકતા નથી. દેવો સ્તુતિ કરી થાકતા નથી પણ ભગવાનની બધી વાત કરી શકતા નથી, ગુણાનુવાદ કરીને થાકે છે. ગુરુદેવના ભવોની વાત તો ક્યાંથી થાય! વર્તમાન વાત પણ કરવાની શક્તિ નથી. જે દેવો કરી શકતા નથી તે અમારા જેવા કેમ કરે! ભરતક્ષેત્રમાં મહાપુરુષ જાગ્યા, એમની વાતો ને ગુણાનુવાદ કોણ કરી શકે! પૂજ્ય ગુરુદેવે પ્રભાવના કરી તે વાત પણ

કરવી અશક્ય છે. ૪૫ વર્ષો, એના મહિનાઓ, દિવસો, ક્ષણો–પળો બધી ઉત્તમ હોય છે. તે વાત કરવા બેસીએ પણ પૂરી થતી નથી.

## 卐 આ કાળનો એક અચંબો 卐

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અને પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં. બહારનો અભ્યાસ તો જીવોને અનાદિથી છે પરંતુ ચૈતન્યનો અભ્યાસ તો આ કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ઘણાં વર્ષો સુધી કરાવ્યો છે. તેમની વાણી રસબસતી કસદાર હતી. તેમના અંતરમાં શ્રુતની ધારા અને તેમની વાણીમાં પણ શ્રુતની ગંગા વ્હેતી હતી. તેમની મહા આશ્ચર્યકારી મુખમુદ્રા–શાંતરસ ઝરતી. તેમનાં નયન ઉપશમરસ ભરપૂર. અહો ! પૂજ્ય ગુરુદેવશ્રી તો ભરતનું સૌભાગ્ય હતાં, ભરતક્ષેત્ર ભાગ્યશાળી કે પૂજ્ય ગુરુદેવ અહીં વિદેહથી સીધા પધાર્યા. સૌરાષ્ટ્ર ભાગ્યશાળી, જૈનસમાજ મહાભાગ્યશાળી. પૂજ્ય ગુરુદેવશ્રીએ સાચું જિનશાસન પોતે પ્રગટ કર્યું; પ્રસિદ્ધપણે સમજાવ્યું અને આવો કાળ તો કોઈક કાળે આવે છે. અહો ! આ સોનગઢમાં તો ૪૫–૪૫ વર્ષ સુધી મૂશળધાર વરસાદની માફક મિથ્યાત્વના બાઝી ગયેલા ચીકણા સેવાળ જેવા પાપભાવને ઉખેડી નાખવા ઝંઝાવાતી વાયરાની જેમ તેઓશ્રીએ સમ્યક્શ્રુતની પ્રભાવના કરી હતી. તેમની કૃપા આપણાં ઉપર સદૈવ હતી આપણે તો તેમના દાસ છીએ. અરે દાસ તો શું ? દાસાનુદાસ જ છીએ.

## 卐 ચૈતન્યની મંગળ પ્રભા 卐

હે પ્રભુ ! તમારા ગુણોને કોણ ગાઈ શકે ! તમારી ભક્તિ હું શી રીતે કરું !

ઇન્દ્રો કહે છે કે પ્રભુ ! હું તમારા ગુણ–ગાન ગાઈ શકતો નથી. તેમ પૂજ્ય ગુરુદેવે જે કર્યું છે તેને ભાષામાં કે વાણીમાં કહેવું ઓછું છે. ગુરુદેવે ઢેર ઢેર યાત્રાઓ, પ્રતિષ્ઠાઓ ને અપૂર્વ તત્ત્વ વરસાવ્યું છે. તેની પાસે બધું ઓછું છે. ગુરુદેવનું દ્રવ્ય મંગળ હતું. તેમના ચૈતન્યની

મંગળ પ્રભા ચારેકોર પ્રસરી રહી હતી, પૂજ્ય ગુરુદેવ ગયા પણ તેમની મંગળતા મૂકતા ગયા છે વાણીમાં તેમની મંગળ પ્રભા રહી ગઈ! તેમની વાણીમાં દેશનાલબ્ધિ હતી. તેમની મંગળ પ્રભા જ્યાં પથરાયેલી હોય તે મળવું મુશ્કેલ છે.

卐 વાણી જીવતી રહી 卐

પૂજ્ય ગુરુદેવે શ્રુતજ્ઞાનની ગંગા વહેવડાવી. જિનેન્દ્ર ભગવાન બિરાજમાન કર્યા, ઘણું કર્યું છે. આત્માના મીઠાં મધુરાં ગીત ગાયાં. ટેપમાં સાંભળીએ છીએ તો જાણે સાક્ષાત્ ગુરુદેવ જ વાણી વરસાવે છે. આ કાળમાં સાધનોય કેવાં નીકળ્યાં કે ગુરુદેવની વાણી જીવતી રહી ગઈ! ધન્ય ભાગ્ય કે આવી વાણી બધાને સાંભળવા મળી.

卐 સંસ્કાર જ દૃઢ કરવા 卐

પૂજ્ય ગુરુદેવશ્રી પુરુષાર્થની પ્રેરણા કરતાં કેટલું કેટલું કહે છે! કાંઈ બાકી રાખતા નથી. સહુને પૂજ્ય ગુરુદેવશ્રી બધું તૈયાર કરીને પીરસે છે. બીજા બધા અન્ય મતમાં શું આવે છે તે પણ જોવા જવું પડતું નથી. બધા અન્ય મતનું અતિ સ્પષ્ટતાથી નિરાકરણ થઈ જાય છે. ક્યાંય કંઈ જોવું કે ગોતવું પડતું નથી. અત્યારે તો સઘળું તૈયાર કરીને જ કહે છે. કર્તા, જ્ઞાતા, દ્રવ્ય-ગુણ-પર્યાય; દૃષ્ટિનો વિષય બધું એકદમ સ્પષ્ટ ચોખ્ખે ચોખ્ખું કરીને આપે છે. વ્યાખ્યાન કેટલાં સ્પષ્ટ આવે છે! જીવની કોઈ ભૂલ રહે જ નહીં, નિરંતર બે-બે કલાક વાણીનો ધોધ વરસે છે. માત્ર તમારે તો સંસ્કાર જ દૃઢ કરવાના છે. ગળે ઉતારવાનું કામ તો પોતાને જ કરવાનું છે.

卐 મીઠા મધુરાનાદ 卐

જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન-ગુરુદેવ તીર્થંકરનું દ્રવ્ય, બધાને જાગૃત કરનાર દ્રવ્ય હતું. દિવ્યધ્વનિના મીઠા મધુરા નાદથી બીજા આત્માઓને જગાડ્યા. બીજા આત્માને નવો જન્મ, નવી પર્યાય પ્રગટે છે. શુભાશુભ છૂટીને શુદ્ધાત્મામાં તેનો જન્મ થઈ જાય. ચૈતન્યમય પર્યાયનો નવો જ જન્મ કરાવનારા, પોતાને તો પ્રગટ્યું પણ બીજાને શુદ્ધ પર્યાય પ્રગટાવે તેવું સર્વોત્કૃષ્ટ દ્રવ્ય હતું, નિમિત્ત હતા, મહા નિમિત્ત

હતા. તે મહાન આત્મા ગુરુદેવે બધું જ બતાવ્યું છે. "શુદ્ધ પર્યાય પ્રગટ કર...શુદ્ધ પર્યાય પ્રગટ કર"નો ડંકો વગાડનાર હતા.

### 卐 જાણે સાક્ષાત્ ગુરુદેવશ્રી 卐

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે જુઓને ઇલેકટ્રીક સાધનોની શોધખોળ થઈ ગઈ જેથી ઘેર ઘેર ગુરુદેવશ્રીનાં પ્રવચનોની હજારો વિડિયો કેસેટ અને લાખો ટેપ કેસેટો વસાવાઈ ગઈ છે અને નિયમિત લોકો ઉત્સાહથી દરરોજ સાંભળે જ છે, જુએ છે. ટેપ રેકોર્ડિંગમાં ગુરુદેવશ્રીને બોલતાં સાંભળીએ કે વિડિયો કેસેટમાં તેમની મુખમુદ્રા દેખીએ ત્યારે જાણે સાક્ષાત્ ગુરુદેવશ્રી આપણી સમક્ષ હાજર છે, તેમાં પણ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના દીર્ઘકાળનો નિવાસ હોવાથી તેમની વાણીનો ટોન જાણે યથાતથ્ય જળવાઈ રહ્યો છે, સંભળાઈ રહ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં ઊજવાયેલા પ્રતિષ્ઠા-ઉત્સવો, યાત્રા-પ્રવાસો, શિક્ષણ-શિબિરો, ધવલના શાસ્ત્રો, અનેક આચાર્ય ભગવંતોના વૈરાગ્યમય સત્યદષ્ટિપોષક સિદ્ધાંતો દૃષ્ટાંતો અપૂર્વ રીતે બહાર આવ્યા, તે બધો પ્રતાપ તેઓશ્રીનો જ છે.

### 卐 એનો બેડો પાર 卐

પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે બધાએ આત્માનું જ કરવાનું છે. ગુરુદેવનો જ બધો પ્રતાપ છે. ગુરુદેવના ચરણે આવ્યા, જેણે તત્ત્વ સમજીને ગુરુદેવને અંતરથી ગ્રહણ કર્યા એની વૃદ્ધિ થયા વગર રહેતી નથી. ગુરુદેવ કોઈ અપૂર્વ હતા. એ ભાવિ તીર્થંકરનું દ્રવ્ય આ પંચમકાળમાં આપણને અહીં મળ્યું હતું. એમની વાણી પાછળ ચૈતન્ય ચમત્કાર દેખાતો હતો. બધાનાં ચૈતન્ય જાગી ઊઠે એવી અપૂર્વ વાણી હતી. અંદર આત્મસ્વરૂપની સમજણના મહિમા સહિત જેણે તેઓશ્રીને ગ્રહણ કર્યા એનો બેડો પાર થયા વિના રહેશે નહીં.

### 卐 મહાપુરુષોના સ્મરણો 卐

ગુરુદેવનાં વર્ષોના રજકણો અહીં ઊડે છે. ઘણાં વર્ષોના સંસ્કાર એટલે તે બધા સ્ફુરી આવે છે. વ્યાખ્યાનનો ટાઈમ થઈ ગયો, મોડું થાય છે, પૂજ્ય ગુરુદેવનો જમવાનો ટાઈમ થઈ ગયો...દૂધ લઈ જવાનો ટાઈમ થઈ ગયો, વગેરે બધું યાદ આવે છે. મહાપુરુષનાં સ્મરણો

વિસ્મરણ કરવા જેવાં નથી, આ તો હૃદયમાં રહ્યા જ કરે છે. બાકી તો ગુરુદેવ તો ગયા... તે ગયા....

### 卐 આપણે કૃતકૃત્ય થઈ ગયા 卐

ગુરુદેવ બોલાવે તો એમ થઈ જાય કે આપણે કૃતકૃત્ય થઈ ગયા. આવી અપૂર્વ વાણી મળી, આહારદાન આદિનાં લાભ મળ્યા. ગુરુદેવની વાણીએ બધાંનું જીવન અપૂર્વ બનાવ્યું. બધાંના હૃદયમાં ગ્રહણ થયું તે છૂટે નહીં. હૃદયમાં જે હૂંફ ચડી છે તે ઊતરે નહિ. સંસારનો રસ ઊતર્યો તે હવે લાગે નહિ. હજુ અંદર અમૃત મળ્યું નથી. અમૃતના છાંટણા પડ્યા તેની મહિમા ને મહિમામાં ઝેર ઊતરી ગયાં. સાક્ષાત્ પ્રગટ્યું નથી પણ કિનારા આવી ગયા. તેઓશ્રીની વાણીએ શું શું કામ કર્યું છે! ક્યાં સંસારમાં રચ્યા-પચ્યા, ક્રિયાકાંડમાં ધર્મ માનતાં—એ બધું છૂટી ગયું ને એકત્વબુદ્ધિનો રસ પાતળો પડી ગયો.

### 卐 રાજમહેલ જોયો? 卐

જિનેન્દ્રદેવ પ્રગટ કરીને વાણી વરસાવે છે, વાણી જુદી, મુદ્રા જુદી, જગતથી જુદા ...વી છે. આશ્ચર્યકારી આત્માને બતાવે છે. તેમ ગુરુદેવ એવા વીતરાગભાવથી ને ઊંડાણથી કહેતાં કે જેથી ચૈતન્ય ચમત્કારની છાપ પડી જાય છે. જેમ સ્યાદ્વાદ જિનવાણીની છાપ છે તેમ ચૈતન્ય-અંકિત મુદ્રા એ ગુરુની છાપ છે. ચૈતન્યમુદ્રાથી અંકિત એવા આત્માનું આમંત્રણ આપે છે. ગુરુના શબ્દો સાંભળી આશ્ચર્ય થઈ જાય છે. જેમ કોઈ કહે રાજમહેલ જોયો ત્યારે ગુરુદેવ કહે આત્મા જોયો.!

### 卐 ધર્મના મૂળીયાની વાત 卐

પંડિતો આત્માની વાત મૂકી દેતા, આત્માની મહિમા ને રહસ્ય સમજી ન શકતા, આ તો નિશ્ચયની વાત છે એમ કરી છોડી દેતા. પૂજ્ય ગૂરુદેવે ધર્મના મૂળિયાની વાત કહી. આત્મા સમજવો તે મૂળ વાત ને તત્ત્વજ્ઞાનની, સ્વાનુભૂતિની બધી વાત સમજાવી. તેઓશ્રીના પ્રતાપે મુમુક્ષુઓ આત્મા કેમ પ્રાપ્ત થાય, સ્વાનુભૂતિ કેમ પ્રગટે! ધ્રુવ કેમ સમજાય. બહાર ક્રિયામાં કાંઈ ધર્મ નથી. જ્ઞાયકમાં છે, એમ કહે છે. કારણપરમાત્મા, કાર્યપરમાત્મા, સ્વ-પર પ્રકાશકની ચર્ચા કરે છે.

卐 અક્કડ વ્યક્તિત્વ 卐

ગુરુદેવની મુદ્રા પરાક્રમી શૂરવીર સિંહ જેવી, કાયરતાનું નામ નહિ. જે બોલે તે થાય એવું અક્કડ વ્યક્તિત્વ હતું. એમનાં પ્રવચનો તો કેવાં ગાજતાં હતાં!

卐 એક જુઓ ને એક ભૂલો 卐

ગુરુદેવે પ્રભાવના એવી કરી કે એક જુઓ ને એક ભૂલો. ગુરુદેવ હતા ત્યારે પણ જાતજાતની પ્રભાવના થઈ છે. ધવલ શાસ્ત્રો વર્ષોથી બહારમાં આવ્યા ન હતાં, તે ગુરુદેવની હાજરીમાં બહાર પડ્યા. પોન્નૂર અને કુંદાદ્રિ તીર્થો એ પણ ગુરુદેવની હાજરીમાં પ્રસિદ્ધિમાં આવ્યાં. કોઈ આ તીર્થને જાણતું ન હતું. આખા હિન્દી પ્રદેશને ફેરવ્યા હોય તો ગુરુદેવે.

卐 આવું જોરદાર કોણ કહી શકે? 卐

ગુરુદેવે ૪૫-૪૫ વર્ષો સુધી હૃદયમાં જે રેડ્યું છે તે બધાંના હૃદયમાં ઊંડાણથી વસી ગયું છે. હૃદયમાં રેડાણું છે તે ચાલ્યું જવાનું નથી.

કેવળજ્ઞાનની પર્યાય પણ હેય છે તે કોણ કહી શકે! ઉપાદેય ત્રિકાળી દ્રવ્ય છે. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે; તે શાશ્વત દ્રવ્ય નથી. ગુરુદેવ વિના આવું જોરદાર કોણ કહી શકે?

卐 આજે જ જન્મ્યા 卐

ગુરુદેવ માટે જેટલું કરીએ તેટલું ઓછું છે. ગુરુદેવ સાક્ષાત બિરાજતા હતા એ વાત જુદી હતી. મહાવીર ભગવાનનો જન્મદિવસ ઊજવાય ત્યારે એમ લાગે કે મહાવીર ભગવાન આજે જ જન્મ્યા તેમ ગુરુદેવના જન્મદિવસે એમ લાગે કે ગુરુદેવ આજે જ જન્મ્યા.

ગુરુદેવના હૃદયમાં ૐ આવ્યો તે આશ્ચર્ય. એમને અંદરથી જ આવ્યો હતો. તે કઈ જાતનો ૐ આવ્યો હશે કે તેની તેમને કેટલી ખુમારી હતી! ૐ સાંભળીને આવ્યા તેમ નહિ પણ ૐ તેમને અંદરથી આવતો હતો.

## 卐 વાણીનો અતિશય 卐

અહો ! પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમગ્ર ભારતને જાગ્રત કરી દીધું છે. તેમનો તો આ ક્ષેત્રના સર્વ જીવો ઉપર અમાપ ઉપકાર છે, અનંત અનંત ઉપકાર છે, પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અનાદિ મંગળરૂપ તીર્થંકરનું દ્રવ્ય હતું. વળી તેમને વાણીનો યોગ અદ્‌ભુત–અનુપમ અને અપૂર્વ હતો. પૂજ્ય ગુરુદેવશ્રી અનુપમ દ્રવ્ય હતા. અપૂર્વતાના દાતાર–તેમની વાણી સાંભળનારા પાત્ર જીવોને અંતરથી અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નહિ. ઉપાદાન સૌ સૌને પોતપોતાનું પણ તેઓશ્રીનું નિમિત્તપણું પ્રબળમાં પ્રબળ હતું. તેમને સાંભળનારને અપૂર્વતા ભાસ્યા વિના રહે જ નહીં. તેમની વાણીનો એવો અતિશય હતો કે તેમને સાંભળનાર કોઈપણ જીવ કદી પણ કંટાળીને ઊભો થઈને તેમનું વક્તવ્ય સાંભળવાનું છોડીને ઊઠી ગયો હોય તેમ બનતું નહિ. એવો પરમ કલ્યાણકારી ધોધમાર ઉપદેશ હતો.

## 卐 તીર્થંકર જેવો ઉદય 卐

પૂજ્ય ગુરુદેવશ્રી તો તીર્થંકરનું દ્રવ્ય છે. આવી વાણીનો આ ધોધ મળે અને પાત્રતા તૈયાર ન થાય તેમ બને જ નહિ. આવા પંચમકાળમાં તો બે કલાકનો પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ ઘણો કલ્યાણકારી છે. તેમનું નિકટ સાન્નિધ્ય આત્માર્થીને તૈયાર થવા માટેનું અપૂર્વ કારણ થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તીર્થંકરની વાણી છે. તેમને અત્યારે તીર્થંકર પરમાત્મા જેવો ઉદય વર્તે છે. વાણીનો જોગ પણ તેવો જ છે. મુનિરાજના યોગ જેવો યોગ છે. પંચમકાળે આવો યોગ ! ! ! આવી વાણી અને ઉદય પણ પ્રબળ છે. કેટલી જોરદાર.... ધારદાર વાણી ! તત્ત્વનો સૂક્ષ્મ ઉપદેશ છે. તેઓ તેના તે જ શબ્દો વારંવાર બોલે છતાં શ્રોતાને રસ વધતો જાય, કંટાળો આવે નહિ. વાણીમાં રસ ઘટતો નથી. તેથી સાંભળતા તૃપ્તિ થતી નથી. તેમની વાણી સાંભળવા મળી તે પણ મહાન પુણ્યનો ઉદય છે.

વસ્તુસ્વભાવ એવો છે કે વાણી કંઈ કરતી નથી, તોપણ બાહ્ય નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એવો જ હોય છે કે ભગવાનની વાણી

ખાલી જતી નથી. તેમ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીથી પણ પાત્ર જીવો માર્ગ પામ્યા છે. સ્વાનુભૂતિ પ્રગટ કરી છે

### 卐 સોનગઢ : બોલતું તીર્થ 卐

પૂજ્ય ગુરુદેવની વાણીની ગર્જનાથી ગુંજન કરતું સોનગઢ બોલતું તીર્થ છે. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનાનો ઉદય કોઈ અપૂર્વ... પરમાગમમંદિરની પ્રતિષ્ઠા...મહાવીર ભગવાન પધાર્યા, જાણે ઉત્સવ લઈને આવ્યા હોય. ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ...ગામોગામ ઉત્સવ થતો. ધર્મચક્ર ગામેગામ નીકળ્યાં... ધર્મચક્ર જાણે ભગવાન સાથે હોય અને વિહાર કરતું હોય તેવું લાગતું. પ્રભાતફેરી નીકળતી. પરમાગમમંદિરમાં ભજનની રેકોર્ડ વાગ્યા જ કરતી. ભગવાન ધ્વનિ સાથે લઈને આવ્યા ને શ્રુત પણ સાથે લઈને આવ્યા. ભગવાન વિહાર કરતાં. દિવ્યધ્વનિ છૂટતી હોય તેમ વાણી લઈને સોનગઢમાં પધાર્યા અને એ વાણી ભીંતમાં કોતરાઈ ગઈ. કર્તા–કર્મ, જ્ઞેય–જ્ઞાયક બધું ધ્વનિરૂપે ભીંતમાં ચોંટી ગયું. ભગવાનની વાણી અહીં આવી સ્થિર થઈ ગઈ. પરમાગમને આવું સ્પષ્ટ ને ખૂલ્લું કરનાર ગુરુદેવ જ છે.

અત્યારે પૂજ્ય ગુરુદેવ જ્ઞાતા–જ્ઞાતાના પોકાર કરે છે. બધાનો ફેંસલો કરીને સીધા રસ્તે, વિકલ્પ વગરનો નિર્વિકલ્પ આત્મા બતાવે છે.

### 卐 અંદરમાં ખુમારી 卐

અંદરમાં ખુમારી ચડવી જોઈએ કે આપણા ગુરુદેવ કેવા હતા! તેમનાથી કેવું મળ્યું છે. કોઈને ન મળે તેવું આપણને મળ્યું છે. તેની ખુમારી પૂર્વક શ્રુતના વાંચન–વિચાર કરે તો (બીજું કંઈ યાદ પણ ન આવે.) ગુરુદેવ કેવું આપીને ગયા છે તે લક્ષમાં લેતો નથી ને આમથી આમ વિકલ્પ કર્યા કરે છે. આ તત્ત્વની તો ખુમારી રહેવી જોઈએ. ગુરુદેવ આપણને દ્રવ્યદૃષ્ટિ શીખવી ગયા છે. આત્માને ઊર્ધ્વ રાખવાનું શીખવાડ્યું છે.

### 卐 ચૈતન્યલોક આશ્ચર્યકારી 卐

જિનેશ્વરનાં વચનો પરમ ઉપકારી છે, શ્રીગુરુનાં વચનો પરમ

ઉપકારી છે. જેમણે માર્ગ બતાવ્યો, 'દ્રવ્યદૃષ્ટિ કોને કહેવાય, વીતરાગતા કોને કહેવાય, દ્રવ્ય કોને કહેવાય, સાધકદશા કોને કહેવાય' એ બધું પરમ ઉપકારી ગુરુએ બતાવ્યું છે. તેમનાં વચનો પરમ ઉપકારી છે. જીવોને મુક્તિનો માર્ગ સમજવો મુશ્કેલ છે; વસ્તુની સ્વાનુભૂતિ, તેની સાધકદશા તે બધું સમજવું મુશ્કેલ છે.

ચૈતન્યદેવને ઓળખવો મુશ્કેલ છે. ચૈતન્યલોક આશ્ચર્યકારી છે—તે સ્વયં આશ્ચર્યકારી છે. ગુરુની વાણીમાં તેનું સ્વરૂપ આવે છે. તેથી વાણીના લીધે તે સમજી શકાય છે. ગુરુદેવ પ્રગટ થયા નહિતર આ માર્ગને કોણ જાણત-? લોકો ક્રિયાકાંડમાં પડેલા હતા તેવા કાળમાં માર્ગના પ્રકાશક શ્રીગુરુ પ્રગટ્યા.

## 卐 પારિણામિકભાવની ધૂન 卐

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાં ત્રિકાળી ધ્રુવની પરમ પારિણામિકભાવની ધૂન કોઈ ગજબની હતી. તેનો મહિમા ઘણો ગાતા હતા. પારિણામિકભાવ-તે ઉદયરૂપ કે ઉપશમરૂપ કે ક્ષાયિક કે ક્ષયોપશમરૂપ પર્યાયથી અગોચર-બધાથી અગોચર છે, સૂક્ષ્મ છે, અનાદિ કાળથી જીવ પરિભ્રમણ કરી રહ્યો છે છતાં પોતાના પારિણામિકભાવરૂપ સ્વભાવને એક સમયમાત્ર છોડ્યો નથી. તેના સહજ જ્ઞાન સહજ દર્શન અનાદિ-અનંત છે. તેમાં બધું ભર્યું પડ્યું છે. આવી સ્પષ્ટતા કોનાથી થઈ શકે તેમ છે? પરમ પારિણામિકભાવ છે તે પૂજનીક છે તે એમ સૂચવે છે કે અહો! દ્રવ્યની આવી શક્તિ સદાય છે. જીવોને અનાદિથી દૃષ્ટિ ઉદય ભાવ ઉપર છે તેથી તેનું લક્ષ્ય ત્યાં જતું નથી. જ્ઞાયકભાવ કહો, ત્રિકાળી ધ્રુવ કહો, પારિણામિકભાવ કહો, કારણશુદ્ધપર્યાય કહો તે બધું એક જ છે. તેની જુદી દૃષ્ટિ કરવી પડતી નથી. કારણશુદ્ધ પર્યાય ગંભીર છે, સૂક્ષ્મ છે. તત્ત્વ સાથે તે વણાયેલી છે. પૂજનીક છે એ તો પૂજ્ય ગુરુદેવશ્રીએ ચોખ્ખું કર્યું. નહીં તો અમારી તો એમાં ક્યાં ચાંચ ડૂબે તેમ હતી! એ તો જ્યારે જે કાંઈ કહે તે જાણે નવું નવું જ લાગે. અંદરથી ઘોળી ઘોળીને તત્ત્વની સ્પષ્ટતા કર્યા જ કરે. કેટલા પ્રમોદથી ઊછળી ઊછળીને સમજાવે છે. તેમને શ્રુતની ધારા જ કોઈ

જુદી જ છે જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.

### 卐 અગમ્ય દેશમાં 卐

અહો ! પૂજ્ય ગુરુદેવશ્રી સ્વયં ચૈતન્યના રસથી રંગાયેલા હોવાથી શ્રોતાઓને પણ તે રંગના રસથી તરબોળ કરી રંગી દેતા. સૌ એટલા બધા તલ્લીન થઈને એકાકાર થઈ જતાં કે કલાક ક્યાંય પૂરો થઈ જતો–જાણે કોઈ અગમ્ય દેશમાં લઈ જતા હોય. પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમ્યક્શ્રુતના ધોરિયા વહાવ્યા અને અનેક શાસ્ત્રનો સુમેળ કરીને ઘણો ઉકેલ કરીને ન્યાલ કરી દીધા. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયને એકદમ સરળ સ્પષ્ટ ભાષામાં કહેવાની તેમની શૈલી, વાણીની અચિંત્ય શક્તિ. જાણે સાંભળતા જ રહીએ ! બાકી તો આપણી ચાંચ તેમાં ક્યાં ડૂબે તેમ હતી–?

### 卐 પ્રતિકૂળતાના વંટોળીયા 卐

તેમની નીડરતા, નિશ્ચય, બધી શાસ્ત્ર પ્રમાણેની ક્રિયા હતી. સિંહ જેવી ઉત્કૃષ્ટ અડગતા, નીડરતા, કાર્યો બધા મહાપુરુષ જેવાં. પ્રતિકૂળતાના વંટોળિયા આવે તો ય તેની સામે એકલા ઊભા રહી શકે તેવું સામર્થ્ય. સૌરાષ્ટ્રમાં પરિવર્તન વખતે ઘણા વંટોળિયા આવેલા પરંતુ તોયે ડગ્યા નહિ. દિગંબર સમાજમાં યે તેમની સામે વંટોળિયા આવેલા. પ્રભાવશાળી ઘણા, પ્રતાપી મહાપુરુષ. પુણ્યનો યોગ પણ તેવો. નીડર સિંહ જેવા. તેમનો પ્રભાવ પણ તેટલો: તેથી સાથ દેનારા પણ ઘણા જીવો મળી ગયા.

### 卐 વિશેષ શીખવાની ઇંતેજારી 卐

પૂજ્ય ગુરુદેવશ્રી ઘણીવાર પાઘડી રંગવાનું દૃષ્ટાંત આપતા કે—બાપ પોતાના દીકરાને રંગનું કામ શીખવે. દીકરો રોજ રંગ કરી પૂછે, જુઓ પિતાજી, હવે બરાબર ને–? બાપા કહે, હજુ બરાબર નથી. છોકરો ખંત રાખી વિશેષ શીખવાની ઇંતેજારી રાખે તો તે છોકરો હુશિયાર બની જાય જો છોકરો એમ વિચારે કે પિતાજી રોજ

મને નાપાસ કરે છે, હું આટલું સરસ કરું છું તોપણ હા પાડતા નથી. એમ સમજી હતાશ થઈ નિરાશ થઈ જાય તો વિશેષ સારું શીખી શકતો નથી. પરંતુ મારે તો હજુ બરાબર ધ્યાન આપી પૂરું શીખવું જ છે, તેમ નક્કી કરે તો આગળ વધીને પૂર્ણતા સુધી પહોંચી શકે.

તેમ તત્ત્વ માટે પણ સમ્યક્ દર્શનથી માંડી કેવળજ્ઞાન થાય ત્યાં સુધી હજુ બાકી છે. અધૂરું છે પૂર્ણ નથી તેમ સમજણ રાખે તો તેને કોઈવાર સાચું પ્રગટ થવાનો—કરવાનો અંદરથી પ્રયાસ થશે. માત્ર શાસ્ત્ર વાંચીને ભણી લીધાં, ગોખી લીધાં, ધારણા થઈ ગઈ અને માની બેસે કે હવે મને બધું આવડી ગયું તો તેને આગળ વધવાનો અવકાશ રહેતો નથી.

### 卐 સાક્ષાત્ પ્રતિભાસ 卐

પૂજ્ય ગુરુદેવશ્રી જ્યારે ચૈતન્યસ્વરૂપનો મહિમા વર્ણવતા અને ચૈતન્ય ચમત્કારની વાત કરતા ત્યારે લોકોને જાણે ખરેખર ચૈતન્ય ચમત્કારનો સાક્ષાત્ પ્રતિભાસ કરતાં હોય તેવું જ લાગે.

### 卐 અંધારામાંથી પ્રકાશ લાવ્યા 卐

પૂજ્ય ગુરુદેવના પ્રતાપે જીવનનો પલટો થયો. ચૈતન્યમય જીવન જોતું હતું તે થયું. પૂજ્ય ગુરુદેવના પ્રતાપે માર્ગ મળ્યો. તેથી ધારા ચાલે છે, નહિતર ધારા ક્યાંથી ચાલે! પૂજ્ય ગુરુદેવે ચૈતન્યનું જીવન આપ્યું. અંધરામાંથી પ્રકાશમાં લાવ્યા. નિષ્ક્રિય સ્વભાવ આત્માનો તેના પર દૃષ્ટિ થઈ. આ બધો પ્રતાપ ગુરુદેવનો છે.

### 卐 બધાને જીવતા રાખ્યા 卐

ગુરુદેવની વાણીનો પડકાર જ જુદો...અત્યારે તેમના આશ્રિતો વાંચે પણ એ ગુરુદેવની વાણી તો જુદી જ...સિંહગર્જના જેવી તેમની વાણીનો પડકાર, તે વાણી જુદી હતી. અત્યારે ટેપમાં ગુરુદેવની વાણી...દૂરથી તો જાણે ગુરુદેવ જ બોલે છે તેમ લાગે. ઘડીક તો ભૂલી જવાય. એમ થઈ જાય કે વ્યાખ્યાન શરૂ થઈ ગયું. વર્ષોના

સંસ્કાર તેથી એમ લાગે. ગુરુદેવ છે જ એમ લાગે. તેમની વાણીએ બધાંને જીવતા રાખ્યા છે. ગુરુદેવની પ્રબળ વાણીના નિમિત્તે ક્રાંતિ થઈ ગઈ. ગુરુદેવ સ્વયમ્ જાગ્યા ને આખા ભારતને જગાડ્યું. ખૂણે ખાંચરે બધાંને જાગૃત કર્યાં.

### 卐 આ કેવું સરસ લાગે છે 卐

પૂજ્ય ગુરુદેવ ( સ્થાનકવાસી ) સંપ્રદાયમાં આહાર લેવા માટે જ્યારે નીકળતા ત્યારે માણસો ઘરે ઘરે બારણે ઊભા હોય, જાણે મુનિરાજના આહારદાનની રાહ જોતા હોય તેવું લાગે. નિસ્પૃહ રીતે રસ્તા પર ગુરુદેવ ચાલ્યા જતાં હોય તે દેખાવ સરસ લાગતો હતો.

અહીં સોનગઢમાં પણ વર્ષો સુધી સમિતિમાં તેમ જ મંડળમાં વ્હોરવા પધારતા. પછી શિખરજીની યાત્રાનું જવાનું નક્કી થયું પછી પાતરાં ને વહોરવાનું બંધ થયું. દિગંબર ત્યાગી તથા બીજા કોઈ બંગલે જમાડતા હતા ત્યારે ગુરુદેવને જમાડવાનું તથા જમતા હોય તે દૃશ્ય જોવાની ખૂબ ભાવના થતી ને મનમાં થતું કે આ કેવું સરસ લાગે છે! આ કાયમ ટકી રહે તો સારું! પછી તો આ લાભ બધાંને સહજ મળે છે.

### 卐 જાણે દિવ્ય પુરુષ હોય ! 卐

પૂજ્ય ગુરુદેવની વાણી, એમની મુદ્રા, એમની ચાલ બધું જ જુદું...ચાલ ધીમી પણ હાથીની જેવી...પગલાં એવાં મોટાં પડે કે સાથે ચાલનાર પહોંચી ન શકે. તેમનું શરીર જાણે આત્મા બતાવતું હોય! મુદ્રા જોઈને આ મહાપુરુષ છે તેમ લાગે. હાસ્ય તો એવું નિર્દોષ જાણે પ્રફુલ્લિતતા દેખાઈ આવે. અધ્યાત્મનું તેજ શરીરમાં તરવરતું લાગે! ગુરુદેવ જાણે દિવ્યપુરુષ હોય તેવું તેજ હતું.

### 卐 જબ્બર પ્રભાવનાનો કાળ 卐

આવા પંચમકાળમાં આવો યોગ બનવો અસંભવિત જ ગણાય તેવા કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો વિહાર ગામેગામ મુખ્ય શહેરો તથા તીર્થસ્થાનોમાં થયો. તે વખતે જૈન જૈનેતર દરેક માનવ સમુદાયનો ગુરુદેવશ્રીના દર્શન માટે, સ્વાગત માટે, તેમની વાણી સાંભળવા માટે

કોઈ અનેરો ઉત્સાહ હતો. જ્યાં જ્યાં ગુરુદેવશ્રી પધારે ત્યારે સમૂહમાં સંઘજમણ, પુસ્તકોની પ્રભાવના. વાસણોની લ્હાણી, રંગોળી કાઢે, શેરીની ફરે. દક્ષિણમાં તો પૂજ્યશ્રીની આરતી ઉતારે. પંડિતો ત્યાગીઓ, દિગંબર મુનિઓ, ભણેલાગણેલા જનો, ડોકટરો, વકીલો. પ્રતિષ્ઠિત શહેરી આગેવાનો, રાજા મહારાજાઓ. અરે ગવર્નરો, પ્રમુખ વ્યક્તિઓ વણનોતર્યે તેમનું પ્રવચન સાંભળવા આવે જ. સં. ૨૦૧૩ અને સં. ૨૦૧૫ની સાલ તો સ્વાગત અને અભિનંદનોની વર્ષા સહિત જબ્બર પ્રભાવનાનો કાળ પ્રસર્યો હતો. જેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રથમ જ દર્શન કર્યાં તેને તો દેખતાવેંત એમ થાય કે અહો ! કોઈ મહાપુરુષ લાગે છે. એ રીતે ગુરુદેવશ્રી જ્યાં પધારે ત્યાં માણસો તો, જાણે મહાસાગર ઊછળી પડે તેમ ટોળાંનાં ટોળાં તેમને સાંભળવા ઊમટી પડતાં. અત્યારે તો જેમણે ભલે ગુરુદેવશ્રીને પ્રત્યક્ષ જોયા ન હોય તોપણ આ સોનગઢમાં આવતાં વેંત જ શાંતિ–શાંતિની જ ભાવના જાગે. અહીંના કણેકણમાં શાંતિ જ છવાઈ ગઈ છે.

### 卐 આળસને નિંદ્રા ઊડી જાય 卐

ગુરુદેવે એટલી સ્પષ્ટ વાત કરીને નિરંતર વાણીનો વરસાદ વરસાવ્યો છે કે જીવોને કાળજામાં ગરી જાય એવો વાણીનો વરસાદ વરસાવ્યો છે. સૂતાને જાગ્રત કર્યા, સામેથી કહેતા જાગરે...જાગ... વારંવાર એકની એક વાત પીરસતા હતા, બીજાની આળસ ને નિંદ્રા ઊડી જાય. બધા ટાઈમસર પ્રવચનમાં જતાં, આ તો સમવસરણ હતું.

### 卐 બધાના કાળજાં હલમલાવી નાખ્યાં 卐

સંસારનો રસ ઊતરી ગયો પણ શુભનો રસ ( રુચિ ) પણ બધાંને ઊતરી ગયો. ગુરુદેવે એવી દઢ શ્રદ્ધા કરાવી છે ને વારંવાર એક આત્મા ઘૂંટાવ્યો છે. " તું ભગવાન છો. તું પરમાત્મા છો " એ બોલે તો બધાંનાં કાળજાં હલબલાવી નાખ્યાં છે. સંસારના રસ ઢીલા કરાવ્યા ને અંદર મજબૂત કરાવ્યું. આત્માની મહિમા કરાવી દીધી. ઘુંટાવી ઘુંટાવીને મહિમા કરાવી. એવી મહિમાથી બોલે કે ગમે તેટલીવાર સાંભળીએ તોય નવું નવું લાગે, ને ફરી બોલે તોપણ ગમે.

## 卐 ધર્મચક્રી 卐

ચક્રવર્તી દેશોદેશમાં વિજય કરવા જાય છે. રાજ્ય માટે જાય છે ને ચક્રવર્તી થાય છે. તે તો રાજચક્રી, પૂજ્ય ગુરુદેવ તો ધર્મચક્રી છે. ધર્મધ્વજાને દેશોદેશોમાં ફરકાવે છે. જ્યાં જ્યાં પધારે ત્યાં મુમુક્ષુઓનાં ટોળેટોળાં.. પૂજ્ય ગુરુદેવ ધર્મની પ્રભાવના કરવા જાય છે. ચોથાકાળમાં તો પંચકલ્યાણક પ્રત્યક્ષ જોવા મળતાં પણ વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવના પ્રતાપે સ્થાપના તરીકે ઘણા પંચકલ્યાણક જોવા મળે છે. તે ભાગ્ય પણ ક્યાંથી !

## 卐 વિભ્રમના વાદળા તોડી નાખ્યા 卐

ગુરુદેવે બધાં વિભ્રમના વાદળાં તોડી નાખ્યાં ને સ્વભાવની દિશા કેવી હોય તે બતાવી છે. તું અંતરમાં પ્રગટ કર, તારા હાથની વાત છે. ચૈતન્યનું ચિત્ર કરીને બતાવ્યું છે. જેમ નકશો બતાવે કે આ દિશા અહીંયાં છે, આ અહીંયાં છે તેમ. આ માર્ગ છે, આ જ્ઞાન–દર્શન–ચારિત્ર છે, દ્રવ્યદૃષ્ટિ કર, બધું ચિત્રામણ કરી બતાવ્યું છે. ઉપાદાન–નિમિત્ત, દ્રવ્ય–ગુણ–પર્યાય, સાધ્ય–સાધકદશા, વચલો માર્ગ, મુનિદશા, કેવળજ્ઞાન, સમ્યક્ દર્શનથી માંડીને આખો માર્ગ ચોખ્ખો કરી બતાવ્યો છે. વિભાવના વચ્ચે કયા કયા પ્રકારો આવે છે, સ્વભાવના લક્ષણો કેવાં હોય તે બધું બતાવ્યું છે.

## 卐 સ્વપ્ન સાકાર 卐

આજે ગુરુદેવે પ્રવચનમાં દીક્ષા લીધા પછી આવેલ સ્વપ્નાની વાત કરેલ. આખા આકાશમાં શાસ્ત્રથી લખેલાં પાટિયાં છવાઈ ગયાં હતા. તેનું માપ આરસના પાટિયાના માપ જેવડું હતું. તેનો અર્થ કે આવાં શાસ્ત્રો તમારા હૃદયમાં ઊછળવાનાં છે. તે સ્વપ્નું અત્યારે આરસમાં કોતરાઈ ને પરમાગમમંદિરમાં શાસ્ત્રો લખાયાં તે સ્વપ્નું સાકાર થયું.

પૂર્વના સંસ્કાર હતા તેથી બીજું સ્વપ્ન ( એવું આવેલ કે ) આખા આકાશમાં છઠ્ઠના ચંદ્ર છવાયેલા તે ચંદ્રની સંખ્યા એક–બે નહિ પણ લાખો–કરોડો. તેનો અર્થ કરતા કે સાધકપણું છઠ્ઠના ચંદ્રમાની જેમ પ્રગટશે તે પૂર્ણતા નહિ પામે. પૂનમનો ચંદ્ર અહીં નહીં થાય.

## 卐 મારે તરી જવું છે 卐

મોરબીમાં પૂજ્ય ગુરુદેવને સ્વપ્ન આવેલું કે પોતે મેડી ઉપર બેઠા છે, નીચે નાટક થાય છે, બધાં માણસો આવે છે. નાટકમાં આવ્યું કે 'મારે તરી જવું છે સંસાર.' પૂજ્ય ગુરુદેવને એમ થયું કે સ્વપ્નના નાટકમાં પણ આ આવ્યું. તેથી જે ઘોલન હોય તેનાં સ્વપ્નાં આવે. તેમને ભવનો અભાવ થઈ ગયો તેથી સ્વપ્નાં પણ ભવનો અભાવ સૂચવતાં જ આવે.

## 卐 બહારના રસ લૂખા 卐

ચૈતન્ય આખો જ્ઞાનનો સાગર, આનંદનો સાગર, શુદ્ધતાથી ભરેલો છે. તેમ તેને ઓળખાવનાર ગુરુદેવ હતા. ચૈતન્યની વાર્તા, શુદ્ધાત્માની વાર્તા ગુરુદેવ કરતા હતા. આવી ચૈતન્યની વાર્તા જગતમાં ક્યાંય નથી. તેની સ્વાનુભૂતિ કર, અંતરમાંથી ભેદજ્ઞાન કર. તું અંતરમાં જા. તેમ ચૈતન્યની વાત સાંભળનારના બહારના રસ લૂખા થઈ જતા હતા.

## 卐 પોતાનો વૈભવ 卐

આચાર્યદેવે તેમના શબ્દોથી નિજ વૈભવ દેખાડયો. ગુરુદેવે પોતાના વૈભવથી સમયસાર દેખાડયું. ગુરુદેવના શબ્દેશબ્દમાં અનંતતા ભરી છે. આત્મામાં અનંતતા ભરી છે. આત્માના એક અંશમાં અનંતતા ભરી છે. ભગવાનની દિવ્યધ્વનિનો પાર પામવો મુશ્કેલ છે. ભગવાનની દિવ્યધ્વનિના શબ્દોમાં અનંતા રહસ્યો છે. ગુરુદેવના સમયસારના અર્થની શક્તિનો પાર પામવો મુશ્કેલ છે, અનંત રહસ્ય છે.

## 卐 ગુરુ-આજ્ઞાનુસારી જીવન કર્તવ્ય 卐

ગુરુદેવ અદ્ભુત પ્રતાપી પુરુષ હતા. ભારતના ઝળહળતા સૂર્ય હતા. આપણા તારણહાર હતા. તારણહાર ચાલ્યા ગયા, ભક્તોને આજે તારણહારના વસમા વિરહ પડયા. ભક્તોને તો એવા જ ભાવો હોય કે આપણા તારણહાર ગુરુદેવ શાશ્વત બિરાજમાન રહે! પરંતુ કુદરતના ક્રમ પ્રમાણે ગુરુદેવ દ્રવ્ય–અપેક્ષાએ શાશ્વત રહી, પર્યાય અપેક્ષાએ દેવપર્યાય ધારણ કરી, આપણાથી ઘણા દૂર ક્ષેત્રે બિરાજી ગયા. આપણને તો તારણહારના પાવન દર્શન સત્સંગાદિ અપ્રાપ્ય થઈ ગયાં. શું થાય?

ઉપકારમૂર્તિ ગુરુદેવને પરમ ભક્તિપૂર્વક હૃદયમાં બિરાજમાન કરી, તેમની આજ્ઞાને સદાય આગળ ને આગળ રાખી, તેમની આજ્ઞાનુસાર જીવન જીવવું એ જ સાચું કર્તવ્ય છે. તે કાર્ય કરવાથી શીઘ્ર આ બળબળતા સંસારનાં ભયંકર દુઃખોથી છૂટીને, શાશ્વત અવિચળ ધામમાં પહોંચી જઈશું.

## 卐 અભીક્ષ્ણ જ્ઞાન 卐

પૂજ્ય ગુરુદેવ હીરાભાઈના બંગલે પ્રવચનસાર વાંચતા ત્યારે એવું લાગતું હતું કે અહો ! ગુરુદેવને શ્રુતના દરિયા ઊછળે છે. ઉત્પાદ-વ્યયની ચર્ચા ..બધું ઝીણું લાગતું. પહેલી વખત વાંચ્યું ત્યારે અંદરથી સ્વયમ્ ઊછળતા, ને આશ્ચર્યકારી લાગતું. પછી તો એકલું તત્ત્વ—માખણ જ આવતું હતું. ઘોલન ખૂબ જ વધી ગયું છે. અભીક્ષ્ણ જ્ઞાન ઉપયોગ હતો.

## 卐 ગુરુનો વિયોગ 卐

ગુરુ તો ઉંમરમાં મોટા હોય ને ગુણમાં મોટા હોય છે. મારે તો આવો પ્રસંગ મહાવિદેહમાં બન્યો ને અહીંયા પણ બન્યો. ગુરુદેવ ચાલ્યા ગયા. વિદેહમાં રાજકુમાર પાટલીપુત્ર મોટા હતા. ત્યાં મિત્રો હતા. મિત્રો હોવાથી ક્યારેક ભેગા થવાય તેથી ત્યાં વિયોગનું દુઃખ આટલું ન લાગે. અહીં તો ગુરુ-શિષ્યનો સંબંધ વિશેષ હતો એટલે ગુરુનો વિયોગ બહુ જ લાગે છે. ગુરુદેવ દેવલોકમાંથી મહાવિદેહમાં ભગવાનની ધ્વનિ સાંભળવા જાય ત્યારે ત્યાંનાં લોકોને એમ થાય કે આપણા રાજકુમાર ભરતક્ષેત્રમાં ધર્મનો ઉદ્યોત કરી પાછા પધાર્યા.

## 卐 મહાપરાક્રમી સિંહ 卐

પ્રથમ તો ગુરુદેવશ્રી સિંહ જેવા લાગતા. તેમની રૂમમાં બેઠા હોય, વાંચતા હોય તો જાણે કોઈ મહાપરાક્રમી સિંહ બેઠો હોય તેવું તેમનું તેજ દીપતું હતું. તપતું હતું. એમની સામે જોઈ શકીએ કે પાસે જઈ શકીએ તેટલી હિંમત જ ચાલતી નહિ. બહેનો તો તેમની રૂમમાં પગ પણ ન મૂકી શકે.

## 卐 દિવ્યધ્વનિ છૂટતી હોય તેવાં પ્રવચનો 卐

અહો! પૂજ્ય ગુરુદેવશ્રી વ્યાખ્યાનમાં કેટલું કહે છે! તેમની વાણીનો આવો ધોધ! ઝીણામાં ઝીણી વાત પણ કેટલા રસથી કહેલી! હોંશથી કહે છે. શાસ્ત્રના કેટલા સૂક્ષ્મ ન્યાય કાઢે છે અને પછી એમ પણ કહે છે કે આનો અર્થ ગણધરદેવ કરતા હશે અને શ્રુતકેવળી ઝીલતા હશે તે ધન્ય છે! દિવ્યધ્વનિ છૂટતી હોય તેવાં વ્યાખ્યાનો આવે છે. ગુરુદેવની વાણી સાંભળીને (બીજાની) પરીક્ષા થઈ જાય છે. જે શ્રવણ કરે તેને વિચારે તો માર્ગ ચોખ્ખો થઈ જાય છે.

## 卐 તે કાળ સ્વપ્નું થઈ ગયું 卐

અત્રે પૂજ્ય ગુરુદેવશ્રી હાજર હતા...તે કાળ સ્વપ્નું થઈ ગયો. પ્રત્યક્ષ દર્શન થતાં હતાં તેને બદલે હવે સ્વપ્નાંના દર્શનથી સંતોષ માનવાનો વખત આવી ગયો. પૂજ્ય ગુરુદેવશ્રી ચાલ્યા ગયા...તે સ્વપ્નાં જેવું લાગે છે. પૂજ્ય ગુરુદેવની હાજરીનો કાળ લાંબો હતો તેથી તે જ યાદ આવે. પૂજ્ય ગુરુદેવ અત્રેથી ચાલ્યા ગયા તે સાચું લાગતું નથી. પૂજ્ય ગુરુદેવ ગયા તે જ સ્વપ્નું છે. દિવ્યધ્વનિના સંભળાવનારા હતા. તે પોતે દિવ્યધ્વનિ સાંભળવા માટે પહોંચી ગયા!

## 卐 સોનગઢકે કૌઓંકા ભી યહાં સ્વાગત હૈ 卐

ઇન્દોરના હુકમચંદજી શેઠને ગુરુદેવ પ્રત્યે બહુમાન હતું. 'સોનગઢકે કૌઓંકા ભી યહાં સ્વાગત હૈ' તેમ તેઓ કહેતા હતા. સૌ પ્રથમ અહીંયા આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવને મળતાં એટલો આનંદ થયો હતો કે જાણે ગુરુદેવને ભેટવા આવતા હોય!! અહીં પ્રવચનમાં ગુરુદેવને કહેતા હતા કે મહારાજ! તમારા સમકિતની વાત આ મિથ્યાદષ્ટિ જીવો નહિ સમજે. ગુરુદેવની મુદ્રા ઉપરથી બધા તેમને ઓળખી જાય. ચાલતા હોય ત્યારે જુદા જ દેખાય. ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. મહાપુરુષના બધા ગુણો તેમનામાં હતા. દૈવી પુરુષ હતા.

## 卐 તીર્થંકરપણું અહીંથી જ શરૂ થઈ ગયું 卐

(ગુરુદેવ સૌને બોલાવતા) 'અહીં આવો', 'અહીં આવો'— અહીં પરમાત્મા બિરાજે છે

મરિચિના જીવને નૈગમનયથી તીર્થંકર કહેવાય છે તેમ પૂજ્ય ગુરુદેવનાં કાર્યો તો બધા એવાં કે તેમને તો નજીકની નૈગમનય લાગુ પડી જાય. તીર્થંકરપણું અહીંથી જ શરૂ થઈ ગયું. હવેથી બધા તીર્થંકરના નજીકના ભવ છે!

### 卐 "આહાહાહા"...ની ગંભીરતા 卐

પૂજ્ય ગુરુદેવ અદ્‌ભુત પ્રભાવશાળી હતા. તેમના કાળમાં બધા જાતજાતનાં સાધનો નીકળ્યાં. ધવલનાં શાસ્ત્રો પણ તેમની હાજરીમાં બહાર આવ્યાં. ફિલ્મ, ટેપરેકોર્ડર, વીડિયો-ટેઈપમાં જાણે સાક્ષાત્ જેવું જ લાગે છે. પ્રત્યક્ષ-સાક્ષાત્ બિરાજતા હતા તેની તો વાત જ જુદી! જેણે સાક્ષાત્ સીધી વાણી સાંભળી છે તેને ખ્યાલ આવે કે આવી વાણી હતી. એમને વ્યાખ્યાનમાં એટલો આનંદ આવતો હતો કે સાંભળનાર છક થઈ જતા હતા. આહાહાહા...ની ગંભીરતા તથા પ્રમોદ તો તેમની મુદ્રામાં દેખાતા હતા.

### 卐 મારે આંગણે પધારજો 卐

ગુરુદેવ ગયા...ગુરુદેવ ગયા....એમ વારંવાર થાય છે. આત્મા અને દેવ-શાસ્ત્ર-ગુરુ મારાથી દૂર ન હજો. જિનેન્દ્રદેવ મારે આંગણે આપ પધારજો, ગુરુ મારી સાધકતામાં પધારજો, મારે દ્વારે પધારજો. ગુરુદેવ આ ક્ષેત્રથી તમે દૂર પડ્યા... પણ સાધકતા વૃદ્ધિગત થશે ત્યારે બધાં સમીપ થઈ જવાનાં છે. અહીં સાધકતા હતી ત્યારે ગુરુદેવ સમીપ હતા. પછી પણ રહેશો. ગુરુદેવ! આપ સમીપ જ છો. થોડો કાળ વચલો ગૌણ કરીને સમીપ જ થઈ જવાના છો. આત્માની ઉગ્ર સાધનાના કાળે બધા સમીપ થઈ જવાનાં.

### 卐 દ્રવ્યદૃષ્ટિ ગુરુદેવે જ આપી 卐

પૂજ્ય ગુરુદેવનો પ્રતાપ છે, ગુરુદેવ બધું શિખવાડીને ગયા છે. પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ગુરુદેવને લઈને બધા આગળ આવ્યા છે; ગુરુને લઈને બધા જીવતા થયા છે. બધાને જાગૃત કર્યા છે. દ્રવ્યદૃષ્ટિ એમણે જ આપી છે. પૂર્ણ દ્રવ્ય ને પૂર્ણ દૃષ્ટિ ઉપર લઈ ગયા છે.

### 卐 જ્યાં ઝબકીને જાગું ત્યાં 卐

મને ઊંઘ એકદમ વહેલી ઊડી જાય, ઊંઘ જ ઊડી જાય. પૂરી ઊંઘ ન આવે. મનમાં એમ થાય કે ગુરુદેવ નથી...ગુરુદેવ નથી છ મહિના સુધી એમ જ થયા કર્યું. બસ એવું જ થઈ જતું હતું. સ્વપ્નાં તો અમુક જાતનાં આવે...આ તો રાત્રે એમ જ થતું. વર્ષોથી અહીં જ રહેલાં...અહીં...એમની હાજરીમાં જ જીવન ગાળેલું. તેથી છ મહિના સુધી...જ્યાં ઝબકીને જાગું ત્યાં એમ થાય કે....ગુરુદેવ નથી... રાત્રે તો થાય. કોઈવાર પરોઢીએ પણ એમ થઈ જાય કે ગુરુદેવ નથી...અમુક ટાઈમ સુધી એમ જ ચાલ્યું.

### 卐 ચૈતન્યની હૂંફવાળું જીવન 卐

દુનિયામાં બધા ક્યાં પડયાં હતાં ! હરવા-ફરવામાં, મોજ-શોખમાં આનંદ માનતાં હતાં, તે બધાનું સ્થૂળ જીવન ગુરુદેવે બધાને ચૈતન્યની હૂંફવાળા જીવન બનાવી દીધા. જીવનમાં દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા હોય તે હૃદયમાં હોય તે લાભરૂપ છે. તેમાં આત્માની હૂંફ સમાયેલી છે.

### 卐 મનુષ્યભવની સફળતા 卐

ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું. તેના જ માટે વાંચન-વિચાર કરવા જેવા છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબો. તદ્રૂપ પરિણતી કરવાનું ગુરુદેવ કહેતા હતા. અનાદિ કાળથી આ જીવ શુભાશુભ ભાવ કરતો આવ્યો છે. હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ શુદ્ધાત્માના માર્ગે ચાલીને, શુદ્ધાત્માને સાધીને અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ જ માર્ગે ચાલ. આ ગુરુદેવની શીખ હતી. ગુરુદેવના સાન્નિધ્યમાં નિવૃત્તિ લઈને અહીં રહ્યા, તો નિવૃત્તિસ્વરૂપ આ આત્માના નિવૃત્તિ સ્વભાવમાં દૃષ્ટિ દઈને નિવૃત્તિપંથ ઉજાળવા યોગ્ય છે. તે જ મનુષ્યભવની સફળતા છે.

### 卐 જાણે સાક્ષાત્ સમવસરણ 卐

ભગવાન વિહાર કરે ત્યારે દેવો પગલાં રચે છે, (મુંબઈ) દાદરમાં પગલાં ગોઠવ્યાં હતાં. (જેમ ભગવાન) પગ મૂકે ત્યાં એ સોનાના થઈ

જાય તેમ પૂજ્ય ગુરુદેવ જન્મ-જયંતીના દિવસે તે પગલાં ઉપર પગ મૂકે ત્યાં પગલાં પાવન થઈ જાય. મલાડમાં (પણ જન્મ જયંતીમાં) કમળની બેઠકમાં સિંહાસન ગોઠવ્યું હતું. તેમાં ગુરુદેવ બિરાજતા હતા ત્યારે કેવા જુદા જ લાગતા હતા. જાણે સાક્ષાત્ સમવસરણ!

બહારગામ સ્વાગતમાં પૂજ્ય ગુરુદેવ પધારે ત્યારે હાથી ફૂલની માળા લઈને સ્વાગત કરતા હતા.

જેમ ઇન્દ્રો કહે કે ઋષભદેવ ભગવાન જે નગરીમાં બિરાજતા હતા તે નગરી જુદી જ લાગતી હતી. તેમ આ ભરતક્ષેત્રમાં ગુરુદેવ બિરાજતા હતા તે ગુરુદેવથી જ શોભાયમાન હતું.

## 卐 રોટલાનો ગર્ભ લો 卐

પૂજ્ય ગુરુદેવે માર્ગને ચોખ્ખો કરીને આપ્યો, કોઈને ક્યાંય શંકા ન રહે એવું ચોખ્ખું કર્યું છે. તૈયાર કરીને આપ્યું, રોટલાનો ગર્ભ લો કરીને આપ્યો, ગળે ઉતારવાનું પોતાને છે ને! એકદમ સ્પષ્ટ ને સહેલું કરીને સમજાવ્યું છે. પ્રયોગ તો પોતાને કરવાનો છે. શાસ્ત્રનાં રહસ્યો સહેલાં કરી દીધાં, 'દ્રવ્ય દૃષ્ટિ કર, ભેદજ્ઞાન કર.' બહારમાં ફાંફાં માર મા, હવે ભેદજ્ઞાનનો પ્રયોગ અંદરમાં કરવાનો છે તે કર.

## 卐 સોનગઢની રોનક 卐

"ગુરુદેવ હતા તે સોનગઢની રોનક જુદી જ હતી."

## 卐 બધી નિધિ મળી 卐

ગુરુદેવની વાણીની કેટલી ટેપો છે! વાણી આબેહૂબ રહી ગઈ. "નિધિ પામીને" હવે બધી નિધિ મળી. તું એકાંત સ્થાનમાં રહી તારી સાધના કર. ગુરુદેવ પાસેથી મળ્યું છે તેની પ્રાપ્તિ કરવાનો તું પુરુષાર્થ કર. ગુરુ જેમ શિષ્યને નિધિ આપે તેમ ગુરુદેવે આપી છે. હવે પ્રાપ્ત કરવું તારા હાથની વાત છે ટેપ સાંભળતાં ગુરુદેવ જ છે એવું લાગે છે, શબ્દો ગૂંજી રહ્યા છે. હવે લેવાનું શું બાકી છે? એક આત્મા લેવાનો બાકી છે. (સોનગઢ) પાવન થયેલી પાવન ભૂમિ છે.

### 卐 અંતરના તળને સ્પર્શતી વાણી 卐

પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન અને તર્કસંગત ન્યાય એટલા બધા રસકસથી ભરપૂર કે તે સિવાય બીજું બધું તદ્દન ફીકું ફીકું જ લાગે એટલે મને અંદરથી બીજે ક્યાંય રસ પડતો જ નહીં. આમાં જ જીવન વણાઈ જાય. પૂજ્ય ગુરુદેવશ્રીની અંતરના તળને સ્પર્શતી વાણી બીજે ક્યાંથી હોય–? તેમની ભાષા પણ જાણે જુદી જ લાગે. એકની એક ગાથા પણ જ્યારે સાંભળીએ ત્યારે નવા નવા ભાવ, નવી નવી સ્પષ્ટતા જ નીકળ્યા કરે.

### 卐 સ્વાગતમાં બધા પંડિતો કહેતા 卐

તેમનો દેખાવ એવો (સર્વાંગ સુંદર), તેમની વાણી એવી (રસભરતી). તેમનાં કાર્યો, તેમના ઉપદેશનાં કાર્યો, તે સિવાય તો ભરતક્ષેત્રમાં કોઈ માને પણ નહિ. તેમનાં બધાં કાર્યો જાણે ભગવાન જ લાગે તેવું હતું. તેમની વાણીમાં અતિશયતા, વાણીના ધોધ વરસતા હતા. તેમનો દેદાર એવો કે માણસો તેમને જોઈને થંભી જાય, આ સંત છે તેમ જોનારને લાગી જાય તેવો દેદાર! તેમની મુદ્રા જુદી, તેમની વાણી જુદી. સિંહ જેવી તેમની પરાક્રમી વાણી...ભગવાન જ હોય! ભગવાન માનતા હતા તે આ ગુણોને લીધે, માર્ગ પ્રકાશ કર્યો, સાક્ષાત્ ભગવાન જેવાં જ કાર્યો, ૠષભદેવ ભગવાનની વાણી નીકળી, તેમણે કીધું કે મરીચિકુમારનો જીવ તીર્થંકર થશે, પૂજ્ય ગુરુદેવને તો હજી તીર્થંકર થવાને વાર છે ને તેમનાં કાર્યો બધાં તીર્થંકર જેવા. દેખાવ જ એવો કે આ ભગવાન છે. તેઓ ભગવાન જ થવાના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી વિહારમાં જાય ત્યારે સ્વાગતમાં બધા પંડિતો કહેતા હતા કે પૂજ્ય ગુરુદેવશ્રી તીર્થંકર થશે. તેમની વાણી તીર્થંકર જેવી. એક શબ્દમાં આખું બ્રહ્માંડ ખડું કરતા. જેમ ભગવાનની વાણીમાં અનંત રહસ્ય આવે તેમ પૂજ્ય ગુરુદેવની વાણીમાં એક શબ્દમાં કેટલું રહસ્ય આવી જતું!

### 卐 જગતનું આશ્ચર્ય 卐

પૂજ્ય ગુરુદેવે એવો માર્ગ બતાવ્યો કે મતમતાંતર આડા ન

આવે. બધું કહીને ગયા છે. જગતનું આશ્ચર્ય આત્મા છે. જિનેન્દ્ર ભગવાન આશ્ચર્યકારી છે ને ગુરુદેવ પણ આશ્ચર્યકારી હતા.

એમનો અતિશય એવો હતો કે જ્યાં એમનાં પગલાં થતાં ત્યાં બધું સવળું થઈ જાય. ભગવાન વિહાર કરે ત્યારે કાંટા આડા થઈ જાય. યોજનો સુધી રોગ ન થાય, વેર-વિરોધ ભૂલી જાય. તેમ પંચમકાળમાં ગુરુદેવનું તીર્થંકરનું દ્રવ્ય આશ્ચર્યકારી હતું. એમની હાજરીમાં જે થયું તે આશ્ચર્યકારી થયું છે.

### 卐 દ્રવ્યદૃષ્ટિ 卐

ગુરુદેવ દ્રવ્દૃષ્ટિને ખૂબ જોર આપતા. દ્રવ્યદૃષ્ટિને જોર દીધા વગર જીવોના ક્રિયાકાંડ છૂટતા નથી. તેના વિના શ્રમ તૂટે નહિ. તું શુદ્ધ છો, રાગ તારામાં નથી. તેમ જોરથી કીધા વિના ફડચા ન પડે. ભેદજ્ઞાન ન થાય. એમને પોતાને અંદરથી આવતું હતું તે કહેતા હતા. તેના વિના જીવને ભેદજ્ઞાન થાય નહીં.

### 卐 પાતરા વિનાના ગુરુ 卐

ગુરુદેવનો પ્રભાવ ચારે બાજુ હિન્દુસ્તાનમાં ફેલાયેલો છે. ગુરુદેવે પહેલાં સંપ્રદાયમાં ત્યાગ લીધેલો, તપ કરતા. ક્રિયાઓ તો એટલી ચોખ્ખી ને કડકપણે પાળતાં, (છતાં) સંયમમાર્ગ અંતરમાં છે, વેશ તો લીધો પણ તેનું સ્વરૂપ બીજું છે; (એવું લાગતું.)

(ગુરુએ પાતરાં રંગવા કહેલ ત્યારે પોતે કહ્યું કે) પાતરાં રંગવાનું આવું હું નહીં કરું, ત્યારે ગુરુએ કહેલું, પાતરાં વિનાના ગુરુ શોધી લે; તો કુંદકુંદાચાર્ય ગોતી લીધા. માર્ગ આખો ગોતી લીધો. આખી દુનિયાને બતાવ્યું કે આ માર્ગે ચાલો...આ માર્ગે ચાલો... બહારમાં ક્રિયાકાંડમાં શું રોકાયા છો? આ માર્ગે ચાલો તેમ બતાવ્યું.

### 卐 પૂજ્ય ગુરુદેવશ્રી તો તીર્થંકરનું દ્રવ્ય હતા 卐

પૂજ્ય ગુરુદેવની વાણી અદ્ભુત અને અલૌકિક હતી. ઉપદેશનું કાર્ય મારું નથી. પ્રભાવના કરનાર તો પૂજ્ય ગુરુદેવશ્રી જ હતા, તેમ

જ પ્રભાવનાનાં કાર્યો તો તેમના અતિશય પુણ્યોદયે જ થયાં છે, આપણે કોણ?

બધા પંડિતો-ત્યાગીઓ, જિજ્ઞાસુઓને પૂજ્ય ગુરુદેવશ્રી જવાબ એવા આપતા કે તેમના હૃદયસોંસરવટ કાળજે ઘા પડી જતા. તેઓશ્રીના હાથ નીચે આપણે સૌ કેવા સલામત અને નિર્ભય હતા! પૂજ્ય ગુરુદેવશ્રી જવાબ દેતા હોય ત્યારે તો વચ્ચે કોઈ બોલી શકે નહિ, કોઈને ખ્યાલમાં પણ ન હોય તેવો સ્પષ્ટ ખુલાસો કરતા. પૂજ્ય ગુરુદેવશ્રીની આપણને સૌને મોટી ઓથ હતી. તેઓ આપણા નાથ હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવના તો કાંઈ ઓર જ હતી, તદ્દન જુદી જ હતી. તેઓ અજોડ હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તો તીર્થંકરનું દ્રવ્ય હતા. તેમની પ્રતિભા તીર્થંકરના પુણ્ય જેવી જ હતી.

પૂજ્ય ગુરુદેવશ્રી અત્રે સોનગઢમાં બિરાજતા હતા ત્યારે કેટલો સુલભ કાળ હતો! તેમની વાણી-શ્રવણથી બધા જીવો આત્માને સમજી જાય તેવો કાળ હતો. અહો! પૂજ્ય ગુરુદેવશ્રીએ અંદર અને બહારમાં બધું દેખાડી દીધું છે. હવે તો કોઈ સ્થાનો જોવા-જાણવાની અબળખા છે જ નહીં. માત્ર અંદરમાં ઠરી જવાની જ ભાવના છે.

## 卐 અમૃતધારા મુશળધારા 卐

સ્વભાવની વાર્તા દુર્લભ થઈ પડી હતી. ગુરુદેવના પ્રતાપે સુલભ થઈ પડી છે. આવી અનુભૂતિ કરવી તે પોતાના હાથની પોતાના પુરુષાર્થની વાત છે. ગુરુદેવે અમૃતના ધોધ વરસાવ્યા. અમૃતધારા વરસાવી, ચારેકોર અમૃતધારા વરસાવી છે. ઝીણી ધાર નથી વરસાવી, આ તો અમૃતધારા મુશળધાર વર્ષાવી છે. એકદમ બધા પાંગરી-ખીલી ઊઠે તેવી મુશળધારા વરસાવી છે. હવે પોતાની તૈયારી જોઈએ.

## 卐 તો ગુરુદેવ સાથે જ છે 卐

મનુષ્યભવનો કાળ તો એકદમ ટૂંકો છે. પુણ્ય-પાપનાં ચક્ર ચાલ્યા કરે છે. પૂજ્ય ગુરુદેવ અત્રે બિરાજતા હતા ત્યારે અહીંયાં

ચોથો કાળ હતો. અત્યારે આ કાળમાં આત્માનું આરાધન કરે અને શુદ્ધાત્માનું શરણુ લે તો ગુરુદેવનો સાથ મળી જાય. શુદ્ધાત્માને ગ્રહણુ કરે તો ગુરુદેવ સાથે જ છે.

### 卐 જાણે જીવંત મૂર્તિ 卐

આ તો હજુ સાક્ષાત્ બોલતું તીર્થ છે. ગુરુદેવની વાણી ટેપમાં ગુંજી રહી છે. તીર્થોમાં જાય છે ત્યાં બીજું શું હોય છે! અહીં તો ગુરુદેવની વાણીના ગુંજારવ તાજા છે. વાણીના પડઘા પડી રહ્યા છે. તેમનાં પગલાંનાં સ્મરણો તાજાં છે. જાણે જીવંત મૂર્તિ સાક્ષાત્ બિરાજી રહી હોય! એવું હજુ હૃદયમાં લાગે છે. જો હૃદયને પલટાવી નાખીએ તો ગુરુદેવ વિહારમાં ગયા છે એમ લાગે, આ પંચમકાળમાં આ ભરતક્ષેત્રમાં આવા મહાપુરુષ ક્યાંથી! ગુરુદેવ ગયા તે તો મોટી વાત થઈ ગઈ છે. ગુરુદેવ જેવું કોઈ છે જ નહીં.

### 卐 મંગલ સુપ્રભાત 卐

પૂજ્ય ગુરુદેવનો લાભ જુદો જ હતો. વર્ષો સુધી બધાને લાભ મળ્યો. વૈશાખ સુદ-૨નું મંગલ સુપ્રભાત...લોકો હજારોની સંખ્યામાં જન્મ-વધાઈ લઈ આવતા. જેમ ભગવાન માતાના ગર્ભમાં પધારે, નગરી આખી સોનાની થઈ જાય તેમ ગુરુદેવ સાક્ષાત્ જ્યાં પધારે તે નગરી આખી જુદી થઈ જાય. ગુરુદેવ જે નગરમાં જાય તે નગરી મંગલ મંગલ થઈ જાય. રસ્તામાં મંગલ મંગલ, તે ઘરમાં મંગલ મંગલ થઈ જાય. જ્યાં પધારે ત્યાં ચારેકોર માણસોના ટોળેટોળાં દેખાય. તે મંડપ જુદો જ લાગે, જ્યાં ગુરુદેવ પાટ પર પધારે ત્યારે મંડપની શોભા જ જુદી થઈ જાય. પુણ્ય-પવિત્રતા બંને ભેગાં હતા. ભરતક્ષેત્ર શોભાયમાન હતું તે પૂજ્ય ગુરુદેવથી જ.

### 卐 સૌરાષ્ટ્રનો ગાજતો સિંહ 卐

સૌરાષ્ટ્રનો ગાજતો સિંહ, તેના જેવું કોઈ ન હતું. વ્યાખ્યાનની રેલમછેલ કરતા હતા. અહીં સોનગઢના એક ખૂણામાં હીરાભાઈના બંગલે પરિવર્તન કર્યું. શરૂઆતમાં થોડા માણસો વ્યાખ્યાનમાં આવતા

હતા. પછી તો બધાને થયું કે ગુરુદેવે જે કર્યું છે તે સાચું જ કર્યું છે. એટલે ગુરુદેવની પાછળ ટોળેટોળાં આવવા લાગ્યાં.

આ પંચમકાળમાં જેણે ગુરુદેવની વાણી સાંભળી તે ભાગ્યશાળી અને ગુરુદેવે આ પંચમકાળમાં પધારી જીવોને ભાગ્યશાળી બનાવ્યા હતા.

### 卐 ચૈતન્યની વાડી સુકાય નહિ 卐

ગુરુદેવ અહીં બિરાજે છે તેમ માનવું. ઘણાં વર્ષો સુધી અહીં બિરાજ્યા છે. અહીંનાં રજકણો પોકાર કરી રહ્યાં છે. અહીં તેમની વાણી છે. વચ્ચે થોડો કાળ ગુરુ વિનાનો આવી ગયો. તે પુરાઈને પૂરો થઈ જશે.

ગુરુદેવ હાથમાં આવ્યા. હવે છૂટવાના નથી, બહારની સમીપતા અંદરની સમીપતાને પોકારી રહી છે. ચૈતન્ય-ચૈતન્યના પોકાર ગુરુદેવના પોકાર ચૈતન્ય સમીપ લઈ જાય છે. ચૈતન્યના સંસ્કાર જેણે અંદર પડયા છે, ચૈતન્યનું સિંચન ઊંડું કરી ગયા છે તે સિંચનના પોકાર અંદરથી જવાબ દીધા વગર રહેશે નહીં.

ગુરુદેવે એક દિવસ-બે દિવસ નહિ, વર્ષો સુધી નિરંતર સિંચન કર્યું છે. એવું કર્યું કે ચૈતન્યની વાડી સુકાય નહિ. વાડી ભીની-રસબસતી છે તે વાડી સુકાય નહિ પણ ખીલી નીકળે. જેણે અંદરથી ગ્રહણ કર્યું હોય તેને બહારથી પણ ન મળે તોપણ તે અંદરથી સુકાય નહિ.

આવા ગુરુ મળ્યા, ચૈતન્યની અપૂર્વતા બતાવી, તે અપૂર્વતા ગ્રહણ થાય તો શિષ્ય થયા પછી ભૂલ કેમ રહે? ખરો દાસ હોય તેને અપૂર્વતા લાગે. તેના ચરણમાં મન-વચન-કાયાથી જેણે અર્પણતા કરી છે તે ખરો દાસ છે, તે માર્ગે ચાલ્યા વિના રહે નહીં. (રહી શકે નહિ.) "શું પ્રભુ ચરણ કને ધરું..." અર્પણતા થાય તો તૈયારી થયા વિના રહે નહિ. ખરું દાસત્વ એને કહેવાય કે ગુરુ મળ્યા પછી ભવ રહે નહિ. (રહી શકે નહિ.)

## 卐 અલૌકિક દ્રવ્ય 卐

ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીના ઊંડાણ ને રણકાર કંઈક જુદા જ હતા. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ ચૈતન્ય જુદા છે' તેવો ભાસ થઈ જાય તેવી તેમની વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો. અનંત ગુણોના મહાસાગર છો.' ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરી દેતી. ઘણી પ્રબળ વાણી! સંસારનાં ઝેર ઉતારી નાખે. વિષય–કષાયને પાતળા કરી નાખે, પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે. શુદ્ધ પરિણતિની અને શુદ્ધજ્ઞાયક આત્માની લગની લગાડે તેવી મંગળમય વાણી ગુરુદેવની હતી.

## 卐 પંચમકાળના પરમપુરુષ 卐

પૂજ્ય ગુરુદેવ આ પંચમકાળના પરમ પુરુષ હતા. માર્ગ પ્રકાશનારા, ચારે બાજુથી માર્ગ પ્રકાશનારા, વારંવાર હાથ પકડીને માર્ગ દેખાડતા હોય તેમ કહેનારા હતા. ગુરુનાં વચનો જીવોને વારંવાર જાગૃત કરે છે. શ્રુતની આરાધનાનો ઉત્કૃષ્ટ નમૂનો પંચમકાળમાં કોઈ હોય તો તે ગુરુદેવમાં દેખાતો હતો.

## 卐 મહિમાથી ભરેલી વાણી 卐

હે ગુરુદેવ! આપના મુખકમળમાંથી ઝરતી વાણીની શી વાત! તે એવી અનુપમ રસભરી છે કે તે દિવ્ય અમૃતનું પાન કરતા તૃપ્તિ થતી નથી. આપની સૂક્ષ્મ વાણી, ચમત્કાર ભરેલી વાણી ભવનો અંત લાવનારી છે, ચૈતન્યને ચૈતન્યના જ્ઞાનમહિમામાં ડુબાડનારી છે. સૂક્ષ્મ અર્થોથી ભરપૂર અપૂર્વ રહસ્યવાળી, અનેકવિધ મહિમાથી ભરેલી ગુરુદેવની વાણી છે.

## 卐 સ્વાનુભૂતિનો યુગ 卐

ગુરુદેવે ચૈતન્યનો ડંકો વગાડીને આખા ભારતને હલમલાવી દીધું. મુમુક્ષુઓનાં કાળજા હલાવી દીધાં. ગુરુદેવ જેવા 'ગુરુ' મળ્યા અને ભગવાન જ્ઞાયકદેવ આંગણે પધાર્યા, પછી તો શુદ્ધપર્યાય પ્રગટ કરવાની હોય ને? બીજું બધું તો અનંતકાળમાં જીવને મળી ચૂક્યું છે. ચૈતન્યના

એકત્વની વાત સુલભ નથી. ગુરુદેવના પ્રતાપે સ્વભાવની વાર્તા અને સ્વભાવની અનુભૂતિ સુલભ થઈ છે. સ્વભાવની અનુભૂતિ કરવી તે પોતાના હાથની વાત છે. ગુરુદેવના પ્રતાપે ચારે બાજુ 'અનુભૂતિ કરો,' 'અનુભૂતિ કરો' એમ થઈ ગયું છે. સ્વાનુભૂતિનો યુગ આવી ગયો.

卐 શ્રવણનું સૌભાગ્ય 卐

જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના ભગવાન મળી ગયા. વર્તમાન ભગવાનની જેમ જ તેમનાં વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી, તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું? ગુરુદેવે બધાંને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો.

卐 શ્રુતની આરાધનાનો નમૂનો 卐

શ્રુતની આરાધનાનો નમૂનો તો એક પૂજ્ય ગુરુદેવ જ હતા. શ્રુતની આરાધના. તેમનો પ્રભાવશાળી પ્રતાપ. તેમનું હૃદય આરાધક, અંતરની પરિણતિ નિર્મળ—આ પંચમકાળના જીવો માટે ગુરુ ને શાસ્ત્ર બધું તેમનામાં જ હતું. સાધના જોવાની ય તેમનામાં મળતી હતી. શ્રુતની આરાધના પણ તેમનામાં જોવા મળતી હતી. દેવનું સ્વરૂપ ગુરુદેવ બતાવતા હતા. તેથી જ તો ગુરુને ભગવાન કહીએ છીએ. તેઓ એકલા પણ સ્વયં શોભે અને બધાની વચ્ચે પણ શોભે તેવું તેમનું વ્યક્તિત્વ હતું. તેમનું ચેતનત્વ એવું શોભતું હતું.

卐 બધા એક જ ગુરુના ભક્તો 卐

આ સોનગઢ બધાનું છે, બધા એક જ ગુરુના ભક્તો છે.

卐 કોટિ કોટિ વંદન હો 卐

હે પરમકૃપાળુ ગુરુદેવ! આપના ગુણોનો શું મહિમા કરું! આપના ઉપકારોનું શું વર્ણન કરું! અસલી સ્વરૂપનું જ્ઞાન આપનાર અપૂર્વ મહિમાના ધારક શ્રી ગુરુદેવના ચરણકમળની સેવા-ભક્તિ નિરંતર હૃદયમાં વસી રહો. પરમ-પરમ-ઉપકારી શ્રી ગુરુદેવના ચરણકમળમાં આ સેવકના વારંવાર ભાવભીની ભક્તિથી કોટિ કોટિ વંદન હો, નમસ્કાર હો.

—પૂજ્ય બહેનશ્રી

[ તા. ૧૧-૩-૯૮ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છેઃ—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ : જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : 'શ્રી સમયસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૧૫ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૪૫ થી ૮-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી પરમાત્મ પ્રકાશ' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

## 卐 ધાર્મિક શિક્ષણવર્ગ 卐

અધ્યાત્મવિદ્યાધામ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે ઉનાળાની રજાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૯મી જન્મજયંતી-મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૪-૪-૯૮ થી તા. ૧૪-૫-૯૮ સુધી ૨૧ દિવસ માટે ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. લાભ લેનાર શિક્ષણાર્થીઓ માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

મુમુક્ષુમંડળના બાળકોને તેમ જ મહાનુભાવોને ધાર્મિક સંસ્કાર સમુપલબ્ધ બને તે હેતુએ પોતાના મંડળના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં મોકલવા બધા મુમુક્ષુમંડળને અનુરોધ છે. —પ્રબંધક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ ( સૌરાષ્ટ્ર )

## ❋ પૂજ્ય બહેનશ્રીની ૬૬મી સમ્યક્ત્વજયંતી ❋

ભવપરિભ્રમણનો અંત કરનાર નિર્મળ સમ્યક્ત્વની મહિમા અતિ મહાન છે. સ્વાનુભવવિભૂષિત, સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની 'સમ્યક્ત્વજયંતી' તે એક વિશિષ્ટ મહિમાપૂર્ણ મંગળ અવસર છે. આ વર્ષે આ મંગળ અવસર ઊજવવાનું દુર્લભ સૌભાગ્ય શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘને સંપ્રાપ્ત થયું. આ શતાબ્દિમાં સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતીર્થના સાતિશય પ્રભાવક કલ્યાણમૂર્તિ પરમોપકારી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મ સત્ ઉપદેશને આત્મસાત કરી જેમણે ૧૮ વર્ષની લઘુવયમાં સ્વશુદ્ધાત્મોન્મુખી અસાધારણ પુરુષાર્થથી સ્વાનુભવમુદ્રિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું—ભવસંતતિ-જનની મિથ્યાત્વપરિણતિનો નાશ કરી નિજ સહજાનંદરૂપ વિજ્ઞાનઘન સ્વરૂપમાં હંમેશ માટે વિશ્રામ કર્યું—તે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આ ૬૬મી સમ્યક્ત્વજયંતી ( ફાગણ વદ-૧૦ ) તા. ૧૯-૩-૯૮થી તા. ૨૩-૩-૯૮ સુધી પંચાહ્નિક મંગળ મહોત્સવપૂર્વક અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવાઈ હતી. આ સમ્યક્ત્વ મહિમાના પવિત્ર સમારોહમાં નાઈરોબી લંડન તથા ભારતના અનેક પ્રાંતના લગભગ ૫૦૦થી વધારે સમ્યક્ત્વપ્રેમી મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહી. આપણા ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ ( પૂજ્ય બહેનશ્રીના મોટાભાઈ )ની આનંદવર્ધિની મંગળ ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ સહ ઉજવાયેલી આ સમ્યક્ત્વજયંતી ખરેખર અતિ આનંદદાયી તથા ધર્મપ્રભાવક હતી. આ મંગળ અવસર પર ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર્યા ઓડિયો-વિડિયો ટેપ-પ્રવચન, સમ્યક્ત્વભક્તિ, જિનેન્દ્રસ્તવન, વિભિન્ન મહાનુભાવો તરફથી આયોજિત 'સાંજી' આદિ રોચક કાર્યક્રમોથી બધા પ્રમોદિત થતા હતા. તા. ૨૨-૩-૯૮ના દિવસે પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન બાદ અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૦૯મી મંગળકારી જન્મજયંતીની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ આનંદોત્સાહ સહ સંપન્ન થઈ હતી.

ફાગણ વદ દશમ સમ્યક્ત્વ-ઉપલબ્ધિના સાંવત્સરિક દિવસે પ્રાતઃ વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના માંગલિકપૂર્વક પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવામૃતભરી અધ્યાત્મ તત્ત્વચર્ચા તથા મંગળ ઉદ્બોધન, જિનાયતનોમાં જિનદર્શનાદિ બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન. આ અવસરે ચાર દિવસ સવારનું સ્વામિવાત્સલ્ય ભોજન શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ તરફથી અને ૧૦૯મી જન્મજયંતી-નિમંત્રણ પત્રિકાની લેખનવિધિની ખુશાલીમાં તા. ૨૨-૩-૯૮ના શ્રીમતી મંજુલાબેન શાંતિભાઈ મોદી તરફથી રાખવામાં આવ્યું હતું.

આ સમ્યક્ત્વજયંતીના અવસરે બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' પર સર્વશ્રી હિંમતભાઈ ડગલી, બ્ર. વ્રજલાલભાઈ શાહ. ડૉ. પ્રવિણભાઈ દોશી તથા સુભાષભાઈ શેઠ દ્વારા થયું હતું. આ પ્રસંગે વાંકાનેરની બાલિકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ આપીને ઉપસ્થિત મુમુક્ષુ સમાજને પ્રમુદિત કર્યો હતો.

**આ સમ્યક્ત્વજયંતીના અવસરે સંસ્થાને રૂા. ૨,૧૭,૦૩૨-૫૦ની આવક થઈ હતી.**

| | |
|---|---|
| સમ્યક્ત્વજયંતીના પ્રતિક ૬૬વીં ૬૬ × ૮૨૨ | ૫૪,૨૫૨-૦૦ |
| પ્રાસંગિક વિધાન | ૬,૦૦૬-૦૦ |
| અન્ય શુભ ખાતે | ૩૫,૦૮૪-૦૦ |
| આરતી | ૩,૫૧૭-૫૦ |
| પ્રસંગ આયોજન | ૫૧,૦૦૦-૦૦ |
| સ્વામિવાત્સલ્ય | ૩૦,૦૦૦-૦૦ |
| સવારે ગુરુદર્શન | ૨,૦૭૩-૦૦ |
| પૂજ્ય બહેનશ્રીનાં નિવાસ્થાન પર ચિત્રપટ ખાતામાં | ૩૫,૧૦૦-૦૦ |

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની
### આઠમી સાંવત્સરિક સમાધિતિથિ પર આયોજિત

# પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ

[ તા. ૧૦-૫-૯૮ થી તા. ૧૪-૫-૯૮ ]

આપણા પરમ તારણહાર પરમોપકારી પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સ્વાનુભવમુદિત અધ્યાત્મ સદુપદેશામૃત દ્વારા સ્વાનુભવપરિણત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સમાધિનો આઠમો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ-૩ તા. ૧૪-૫-૯૮ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક તિથિ નિમિત્તે અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં તા. ૧૦-૫-૯૮ થી તા. ૧૪-૫-૯૮ સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ 'પંચપરમેષ્ઠિમંડલ વિધાનપૂજા', દેવગુરુભક્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપોષક અધ્યાત્મટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ ઇત્યાદિ જ્ઞાન વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાનો વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી પધારવાનું ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

મુંબઈનગરીના પાર્લા-ઉપનગરમાં

વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીના દિગંબર જિનાલયનો

## 卐 મંગલ વેદીપ્રતિષ્ઠા—મહોત્સવ 卐

ભારતવર્ષની સુપ્રસિદ્ધ મુંબઈનગરીના પાર્લા-ઉપનગરમાં, અધ્યાત્મ-યુગપ્રવર્તક પરમ પૂજ્ય પરમોપકારી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમ જ તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેન શ્રી ચંપાબેનના ધર્મોપકાર-પ્રતાપે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી- ભક્તગણનિર્માપિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનાલયનો શ્રી જિનબિંબ- વેદીપ્રતિષ્ઠામહોત્સવ—

વિ. સં. ૨૦૫૪, વૈશાખ સુદ ૬, શુક્રવાર, તા. ૧-૫-૯૮ થી
વૈશાખ સુદ ૮, રવિવાર, તા. ૩-૫-૯૮ સુધી

—ત્રણ દિવસનો આયોજિત કરવામાં આવ્યો છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલવર્ષિની ઉપકાર-છાયામાં આયોજિત વેદીપ્રતિષ્ઠાનો આ ભવ્ય મહોત્સવ, આપણા ઊંડા આદર્શ-આત્માર્થી, સમયસારાદિ પંચપરમાગમના સફળ અનુવાદક, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહના મંગલ આશિષતળે અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

નિજકલ્યાણના હેતુભૂત એવા આ મંગલ મહોત્સવનો લાભ લેવા માટે પધારવાનું સમસ્ત મુમુક્ષુસમાજને અમારા શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ-મંડળ ટ્રસ્ટ (પાર્લા-સાન્તાક્રૂઝ)નું અતિ ધર્મવાત્સલ્યપૂર્ણ ભાવભીનું આમંત્રણ છે.

સૂચના:—(૧) આ મંગલ અવસરે ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. (૨) બહારગામથી પધારનાર મહેમાનોએ પોતાની સંખ્યા તથા આવવાનો સમય ૧૫ દિવસ અગાઉથી જણાવવો અત્યંત જરૂરી છે, જેથી આવાસની વ્યવસ્થામાં સુગમતા રહે.

નિમંત્રક:—

શ્રી કુંદકુંદ-કહાન-દિ૦ જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ (પાર્લા-સાન્તાક્રૂઝ)

# MR. CHIMANBHAI T. MODI'S Lecture tour on Jainism in U. S. A

## SCHEDULE 1998

| Day | Date | City | contact |
|---|---|---|---|
| 1. Fri-Fri | May 15-22 | Lansdale, PA | Pravin Shah 215-362-5598 |
| 2. Sat-Sun | May 23-24 | New York, NY | |
| Mon-Fri | May 25-29 | kingston PA, Siddhachalam, NJ | |
| Sat-Sun | May 30-31 | Washington, DC | |
| Mon | June 01 | ingston PA | Jyotsna Shah 717-287-7457 |
| 3. Tue-Sun | June 2-7 | Los Angles, CA | Anil Shah 909-623-8864 |
| 4. Mon-Sun | June 8-14 | San Fransisco, CA | Jashvant C. Shah 510-475-7882 Himmat Dagali 510-745-7468 |
| 5. Mon-Sun | Juns 15-21 | Phoenix, AZ | Dr. kirit Gosalia 602-863-1073 |
| 6. Mon-Sun | June 22-28 | Miami, FL | Mahendra Shah 305-595-3833 Dinesh Dagly 954-474-5687 |
| 7. Mon-Fri | June 29-July 3 | Tampa, FL | Dr. Siddharth Shah 813-376-7989 Dr. Dilip Mehta 813-787-8033 |
| 8. Sat-Tue | July 4-7 | Detroit, MI | Ashok Choksi 248-682-6244 |

For further infomation, Please contact Coordintaor:—

HASMUKH M. SHAH

8721 Scrimshaw Drive,

New Port Richey, FL 34653. Phone : 813-376-7290

સોનગઢનિવાસી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર હસ્તે
શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મોદી દ્વારા આયોજિત

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૦૯મો

## જન્મજયન્તી-મહોત્સવ

[ તા. ૨૪-૪-૯૮ થી તા. ૨૮-૪-૯૮ ]

અતિ હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૦૯મો મંગલ 'જન્મજયંતી-મહોત્સવ' સોનગઢમાં ઉજવવાનું સૌભાગ્ય અમોને—સોનગઢ (મુંબઈ) નિવાસી શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર હસ્તે શ્રીમતી મંજુલાબેન શાંતિભાઈ મોદીને—પ્રાપ્ત થયું છે.

તદનુસાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રીની આગામી ૧૦૯મી જન્મ-જયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૪-૪-૯૮, શુક્રવારથી તા. ૨૮-૪-૯૮, મંગળવાર પાંચ દિવસ સુધી 'શ્રી રત્નત્રય-મંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો-ઓડિયો ટેપપ્રવચન, દેવગુરુભક્તિ, પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની વિડિયો-ધર્મચર્ચા, તા. ૨૪-૪-૯૮ થી તા. ૧૪-૫-૯૮—૨૧ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, તા. ૨૪, ૨૫, ૨૬—ત્રણ દિવસ માટે મુંબઈના યુવકમંડળ દ્વારા આયોજિત ધાર્મિક શિક્ષણવર્ગ, આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિનો આ મહત્વપૂર્ણ લાભ લેવા માટે બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે. આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

નિમંત્રક—

શાંતિલાલ ઠાકરશીભાઈ મોદી

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* અહો પ્રભુ! તારામાં પ્રભુતા પડી છે, તું પોતે જ પ્રભુ છો. તારા પેટમાં પરમાત્મપણું પડ્યું છે, તેમાંથી સંસાર પ્રસવે એવી તારામાં શક્તિ જ નથી. કેવળી થવાની તારામાં ખાણ પડી છે. ૯૩.

* ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા-બાપ ભાઈ-બહેન સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે? એની કાંઈ ખબર છે? અરે! મારે મારા આત્માનું હિત કરી લેવું છે-એમ એને અંદરથી લાગવું જોઈએ આહાહા! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર? માટે જે જાગતો રહેશે તે બચશે. ૯૪.

* ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ: જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું...કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે ખરેખર તો પરોક્ષજ્ઞાન છે તે પણ જાણનાર જ છે.

શ્રોતાઃ—પરોક્ષજ્ઞાન તો હીણું ને ઊણું છે ને?

પૂજ્ય ગુરુદેવઃ—પરોક્ષજ્ઞાન-મતિશ્રુત પણ જાણનાર જ છે. જે કાંઈ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે, ઊણપને જાણે છે.

શ્રોતાઃ—કોણ જાણે છે? ઊણું જ્ઞાન ને?

પૂજ્ય ગુરુદેવઃ—જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે. જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન છે' એ સમયસારની ૧૨ મી ગાથાનો શબ્દ છે તે ગજબ વાત છે. ૯૫.

## 卐 ભરતક્ષેત્રના ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા 卐

ગુરુદેવનાં પુનિત ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો...ઓળખો!' એવી ગર્જના કરતા હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. 'ભગવાન આત્મા ..જ્ઞાયકદેવ....' બધાને કહીને બોલાવતા. પોતે તો ભગવાન સ્વરૂપે હતા. અલ્પકાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમના પુણ્યની શોભા પણ કોઈ જુદી! એવા બાહ્ય-અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતા. ભરતક્ષેત્રના ભાગ્ય કે ગરુદેવ અહીં જન્મ્યા.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ (૬૫૪) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૦ વર્ષ-૫૪) વીર સં. ૨૫૨૪ એપ્રિલ, ૧૯૯૮

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

1426
-364230 (સૌ.)

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૧૮/-
માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/- અલગ ]